ગુજરાતી

દ્વિતીય/તૃતીય (સંયુક્ત)

# સાહિત્યભારતી

ધોરણ-આઠમું



પ્રથમાવૃત્તિ : ૨૦૧૮ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય | : | **સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ**<br>ડૉ. મધુ સંપટ<br>શ્રીમતી ભગવતી પંડ્યા<br>શ્રીમતી પ્રતિમા પંડ્યા |
| ગુજરાતી અભ્યાસ જૂથ | : | સુશ્રી ઈલા શુક્લ<br>શ્રીમતી સ્મિતા દવે<br>શ્રીમતી જ્યોતિ ખખ્ખર |
| નિમંત્રિત | : | શ્રી પ્રફુલ આર. શાહ<br>શ્રીમતી જનક દાવડા<br>શ્રીમતી હીના લિલાણી<br>શ્રીમતી વંદના પંચાલ<br>શ્રીમતી જિજ્ઞા કાપડિઆ<br>શ્રીમતી મંજરી ગુમાસ્તે<br>શ્રીમતી ઉર્મિલા શાહ<br>શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી<br>શ્રી. ધીરેન મનસુખલાલ દોશી |
| સદસ્ય-સંયોજક | : | કેતકી નિતેશ જાની |
| સંયોજન પ્રમુખ | : | **કેતકી નિતેશ જાની**<br>વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ<br>પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪. |
| મુખપૃષ્ઠ અને ચિત્ર | : | શ્રી સંજયભાઈ પટેલ |
| નિર્મિતિ | : | **શ્રી. સચ્ચિદાનંદ આફળે**<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>**શ્રી. સંદીપ આજગાંવકર**<br>નિર્મિતિ અધિકારી |
| અક્ષરાંકન | : | સમર્થ ગ્રાફિક્સ,<br>522, નારાયણ પેઠ, પુણે-30. |
| કાગળ | : | 70 GSM Creamwove |
| મુદ્રણાદેશ | : | N/PB/2018-19/ |
| મુદ્રક | : | M/s |
| પ્રકાશક | : | **શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ - ૨૫. |


## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

આપ સૌનું આઠમા ધોરણમાં સ્વાગત છે. ધોરણ આઠમાનું 'સાહિત્ય ભારતી'નું નવું પુસ્તક તમારા હાથમાં મૂકતાં ખૂબજ આનંદ થાય છે.

મિત્રો, બીજા સાથે સંવાદ સાધવા, આપણા વિચારો-ભાવના વ્યક્ત કરવાં આપણે ભાષાનો જ ઉપયોગ કરીએ છીએ. માટે જ ભાષાનો આપણો શબ્દભંડોળ સમૃદ્ધ હોવો જરૂરી છે. આ પાઠ્યપુસ્તકમાંના પાઠ, કવિતા, સામાજીક કથા પૌરાણિક કથા, વૈજ્ઞાનિક માહિતી, નૃત્યકલા વાંચીને તમને નવાં-નવાં શબ્દ, રૂઢિપ્રયોગો, પ્રસંગોની જાણ થશે. આ પુસ્તક વાંચીને/અભ્યાસીને માતૃભાષામાં રુચિ વધશે, તેવી અપેક્ષા છે.

પાઠ્યપુસ્તકમાં વિવિધ સ્વાધ્યાય, ઉપક્રમો, લેખન કૌશલ્ય, હું વાંચું-તમે વાંચો જેવી કૃતિઓ આપેલ છે. તેમજ ભાષિક સમજ દ્વારા વ્યાકરણના ઘટકોની સરળ રીતે ઓળખ કરાવી છે.

આ પાઠ્યપુસ્તક તમને જાતે નવું લખવા અને બોલવાની તક આપશે. પુસ્તકની કૃતિઓ દ્વારા કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટનો રચનાત્મક ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન મળશે, એવી ખાતરી છે.

'ઍપ'ના માધ્યમથી ક્યૂ. આર. કોડ દ્વારા પ્રત્યેક પાઠ સંબંધિત વધુ માહિતી માટે આપને દશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે. તે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી સાબિત થશે.

આપણી ભાષા શીખતાં-શીખતાં આપણે આપણી સંસ્કૃતિ અને સંસ્કારનું પણ જતન કરતાં શીખીશું, એવો વિશ્વાસ છે.

આ, પુસ્તક આપને ગમ્યું કે નહિ, તે અમને જણાવશો. પાઠ્યપુસ્તકમાં કોઈપણ ક્ષતિ જણાય તો તે માટેના સચોટ સૂચનો આવકાર્ય છે.

આપ સર્વેને શુભેચ્છા !

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા. : ૧૮ એપ્રિલ ૨૦૧૮, અખાત્રીજ
ભારતીય સૌર દિનાંક :
૨૮ ચૈત્ર ૧૯૪૦

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની મીટિંગમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

## ગુજરાતી

## દ્વિતીય/તૃતીય (સંયુક્ત)

# સાહિત્યભારતી

## ધોરણ-આઠમું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

8S7A5H

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા :
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ।
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે ॥

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારાં દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## અનુક્રમણિકા


| ક્રમ | પાઠ/કવિતાનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | સૌનું કરો કલ્યાણ | જાદવદાસ | ૧ | ૫ |
| ❖ | વરદાન | | ૩ | ૧ |
| ૨. | ભાવ – નગર | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૪ | ૭ |
| ❖ | કેટલું મળ્યું ? | મોહમ્મદ માંકડ | ૮ | ૧ |
| ★ | સંધિ – (૧) | | ૯ | ૫ |
| ૩. | આવકારો | દુલા ભાયા કાગ | ૧૦ | ૫ |
| ❖ | અતિથિ | સંકલિત | ૧૨ | ૧ |
| ૪. | ભગવાનની ખોજ | આશા વીરેન્દ્ર | ૧૩ | ૮ |
| ❖ | કોણ કહે છે : | | ૧૮ | ૧ |
| ૫. | નવાઈલાલ | વેણીભાઈ પુરોહિત | ૧૯ | ૫ |
| ❖ | દિવાળીના દીવા | | ૨૨ | ૧ |
| ૬. | સાઈકલ સાથે મારો પ્રથમ દિવસ | ડૉ. બળવંત તેજાણી | ૨૩ | ૮ |
| ❖ | વારસો | બેપ્સી એન્જિનિયર | ૨૯ | ૧ |
| ૭. | માણસ છે | કૃષ્ણ દવે | ૩૦ | ૫ |
| ❖ | વ્યસન મુક્તિ | રવિશંકર મહારાજ | ૩૩ | ૧ |
| ૮. | ચાલો, વાપરીએ સૌર ઊર્જા | નટવર પટેલ | ૩૪ | ૮ |
| ❖ | આગ : ઉપાય | અંજના ભગવતી | ૩૮ | ૧ |
| ★ | સંધિ – (૨) | | ૩૯ | ૫ |
| ૯. | સુભાષિતો | | ૪૦ | ૫ |
| ❖ | નિરંતર આશાવાદ | ડૉ. પ્રકાશ ગજ્જર | ૪૨ | ૧ |
| ૧૦. | એક જ લક્ષ્ય | સંકલિત | ૪૩ | ૮ |
| ❖ | પારિતોષિકોનું મૂલ્ય | જયંત કોઠારી | ૪૭ | ૧ |
| | | | કુલ | ૮૪ |

# ૧. સૌનું કરો કલ્યાણ

**જાદવદાસ**

માનનીય કવિશ્રીનો પરિચય હાલમાં પ્રાપ્ત થયો ન હોવાથી અહીં આપી શક્યા નથી. પ્રાપ્ત થતાં પુનર્મુદ્રણ પ્રતમાં આપવામાં આવશે. જો કોઈ પાસે કવિશ્રીનો પરિચય ઉપલબ્ધ હોય તો બાલભારતી, પુણેનો સંપર્ક કરવા વિનંતી.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં કવિ પ્રભુને પ્રાર્થના કરે છે કે, આ દુનિયાના બધા જ સ્ત્રી-પુરુષો, પશુ-પક્ષીઓ, જીવજંતુઓનું સદાય કલ્યાણ થાય - શુભ થાય. કવિ અહીં 'સ્વ'નો નહિ પણ 'સર્વ'નો વિચાર કરતા કહે છે કે, સૌ કોઈ હરહંમેશ આનંદમાં રહે અને સુખ ભોગવે.

દુનિયામાં ક્યાંય દર્દ ન રહે, દુકાળ ન પડે અને લડાઈ ઝઘડા ન થાય. સુખ-સમૃદ્ધિ વધે અને આરોગ્ય ઉત્તમ રહે જેથી કદી કોઈનું બૂરું ઈચ્છવાનો સમય જ ન આવે. દરેક પોતાના ધર્મ પ્રમાણે ઈશ્વરને ભજે અને માનવતાના ધર્મને જીવનમાં અપનાવે એવી પ્રાર્થના કવિ ઈશ્વરને કરે છે. સહુના હિતમાં જ પોતાનું હિત સમાયેલું છે.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ
નરનારી પશુપક્ષીની સાથે, જીવજંતુનું તમામ... દયાળુ
જગનાં વાસી સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠે જામ... દયાળુ
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ... દયાળુ
સર્વ જગે સુખાકારી વધે ને, વળી વધે ધનધાન્ય... દયાળુ
કોઈ કોઈનું બૂરું ન ઈચ્છે, સૌનું ઈચ્છે કલ્યાણ ... દયાળુ
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન... દયાળુ
જાદવદાસના દાસ પોકારે, પ્રેમે કરી પરણામ... દયાળુ

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત પ્રાર્થનાનું અધ્યાપન કરાવતા પહેલાં તેનું સમૂહગાન કરાવવું. કાવ્યના વિષયવસ્તુને સ્પષ્ટ કરવા પ્રશ્નો પૂછવા. ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને સક્રિય રાખવા, 'સ્વ'ને નહિ પણ 'સર્વ'ને કેન્દ્રમાં રાખી સર્વેના સુખ માટે જીવન જીવવાની પ્રેરણા આપવી. પોતાના ધર્મનું પાલન કરવું પણ માનવધર્મને કદી ન ભૂલવાની કવિ અહીં જડીબુટ્ટી બતાવે છે તેની સમજ વિદ્યાર્થીઓના મનમાં દૃઢ કરવી.

સ. ૧. **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) શુભ (૨) કૃપાળુ (૩) અનાજ (૪) દુષ્કાળ
(૫) ઈશ્વર (૬) સેવક (૭) પહોર (૮) પૈસા

સ. ૨. **નમૂના પ્રમાણે શબ્દ લખો : દા.ત. : ક્રૂર – દયાળુ**

(૧) શહેર (૨) નફરત (૩) ઘટવું (૪) ઈચ્છા
(૫) સુકાળ (૬) આનંદ (૭) દુઃખ (૮) ભલું

સ. ૩. **નીચેના શબ્દોને સ્વીકૃત જોડણીમાં લખો :**

(૧) પરણામ (૨) દરદ (૩) પરથમ (૪) દરશન (૫) સરજન (૬) સમરણ

સ. ૪. **નીચેના શબ્દના બે જુદાજુદા અર્થ દર્શાવો : દા.ત. : બૂરું – ખરાબ, ઝીણી સાકર/ખાંડ**

(૧) વાસી (૨) છત (૩) કલ્યાણ

સ. ૫. **કાવ્યમાં આપેલા જોડશબ્દો શોધીને લખો.**

સ. ૬. **કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ લખો :**

(૧) જગનાં વાસી સૌ સુખ ભોગવે, ____રહી આઠે જામ.
(૨) પોતપોતાના____પ્રમાણે, સર્વ ભજે ભગવાન.
(૩) સૌનું કરો કલ્યાણ, ____ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.
(૪) સર્વ જગે સુખાકારી વધે ને, વળી વધે ___.

સ. ૭. **નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો :**

(૧) માણસોની સાથે અન્ય સૌ કોઈનું પણ કલ્યાણ કરો.
(૨) કવિ પ્રભુને પ્રેમથી વંદન કરીને પ્રાર્થના કરે છે.
(૩) આખા જગતમાં સુખ વધે અને લોકો સમૃદ્ધ બને.
(૪) જગતના બધા લોકો હસીખુશીથી રહે.

સ. ૮. **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :**

(૧) સૌનું કલ્યાણ એટલે ____________________

(અ) બધાં માનવોનું કલ્યાણ (બ) બધાં જીવજંતુ અને જાનવરોનું કલ્યાણ
(ક) માનવો, પશુપંખી અને જીવજંતુનું કલ્યાણ

(૨) આઠે જામ એટલે ____________________

(અ) કાયમ માટે, સદાય (બ) આઠે પહોર (ક) આઠ કલાક

(૩) દુકાળ ન પડે તો ________________

(અ) ધનધાન્ય મળે અને સુખાકારી વધે (બ) વ્યવસ્થિત પાણી મળી રહે (ક) લડાઈ–ઝઘડા ન થાય

સ. ૯. આ કાવ્યનો સાર ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.

સ. ૧૦. અર્થ બદલ્યા વગર વાક્યને નકારાત્મક બનાવો :

(૧) સહુનું ભલું કરો.
(૨) સુદ પક્ષમાં ચંદ્રની કળા વધે છે.
(૩) સુખમાં રહેવું બધાને ગમે છે.
(૪) ગમતાં કામ કરો.
(૫) તાજો ખોરાક ખાઓ.
(૬) બૂરું કામ કરો તો બૂરું ફળ મળે.

સ. ૧૧. રેખાંકિત શબ્દ પરથી બીજો શબ્દ બનાવી વાક્યમાં ખાલી જગ્યા પૂરો :

દા.ત. : જેનામાં <u>દયા</u> હોય તેને દયાળુ કહેવાય.

(૧) કોઈનું <u>બૂરું</u> કરો નહિ ________________ એ અવગુણ છે.
(૨) પોતપોતાના <u>ધર્મ</u> પ્રમાણે ________________ રીતરિવાજોનું પાલન કરો.
(૩) કુટેવ સામે <u>લડો</u> ________________ આપવાથી કુટેવ દૂર થાય.

**સંભાષણ** ★ તમે પ્રાર્થના કરો છો ત્યારે ભગવાન પાસે શું માંગો છો તેની વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ તમને ગમતી કોઈપણ એક સર્વધર્મ પ્રાર્થના ચાર્ટ પેપર પર લખી વર્ગમાં લગાડો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વરદાન

અમે તારાં નાનાં બાળ પ્રભુ !
તારું નિશદિન ધરતા ધ્યાન.
અમ સૌનો તું વિકાસ કરજે.
પાલન કરજે હે ભગવાન,
જીવ માત્રની સેવા કરીએ,
એવું દે અમને વરદાન..... પ્રભુ તારું

શક્તિ દેજે, ભક્તિ દેજે,
દેજે અમને વિદ્યાદાન,
સદ્‌બુદ્ધિ દઈ રક્ષા કરજે,
બાળક તારાં સૌ નાદાન..... પ્રભુ તારું

વંદના કરતાં ગુરુજનને વળી,
વડીલોને દેતા અમે માન,
સહકારથી હળીમળીને,
સૌએ લેતાં સારું જ્ઞાન..... પ્રભુ તારું

હે ભગવાન ! હું જે ચાહું, એવું જ નહિ, પણ જે યોગ્ય હોય એવું જ થવા દેજે.

8SG675

# ૨. ભાવ - નગર

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

તેમનો જન્મ ૫ જાન્યુઆરી, ૧૯૫૪ના રોજ ગાંધીનગર જિલ્લામાં આવેલા નાદરી ગામે થયો છે. તેઓ વલ્લભ-વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યાપક અને અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. 'સ્મૃતિ કળશ', 'શબ્દના સગપણ', 'અક્ષરનાં અજવાળાં', 'પ્રકૃતિ પર્વ', 'ક્ષણનો ઝરૂખો', 'નાઈટલૅમ્પ', મધ્યકાલીન ગુજરાતી કવિતાનો વૈભવ જેવા અનુવાદ, કવિતા, નિબંધ, લઘુકથા, વાર્તા અને સંપાદિત પુસ્તકો તેમણે આપ્યા છે. ગુજરાતી સાહિત્ય અકાદમીનું પારિતોષિક તથા ૨૦૦૮નો કુમારચંદ્રક તેમને મળ્યો છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિ પિતા-પુત્રીની લાગણી દર્શાવતી લઘુકથા છે. સામાન્ય ઘરકામ કરનાર મહેનતુ અને કામઢી પુત્રી તેમજ તેના મહેનતુ, પ્રામાણિક અને લાગણીશીલ પિતાના પ્રેમનું સુંદર અને સચોટ શૈલીમાં આલેખન કરવામાં આવ્યું છે. બાપ-દીકરી બન્ને મજૂરી કરીને ગુજરાન ચલાવે છે પણ આ મજૂરીની વાત એકબીજાને જાણ ન થાય તેની પૂરી તકેદારી રાખે છે. લાગણીથી છલકતા પિતા-પુત્રીના હૃદયના ભાવને લેખકના સરળ શબ્દો વાચા આપે છે. તળપદા શબ્દોને કારણે તેમાં મીઠાશ ઉમેરાય છે જે વાર્તાને માણવાલાયક બનાવે છે. બન્નેનો એકબીજા પ્રત્યેનો અનન્ય પ્રેમ સુંદર ચિત્ર ખડું કરે છે.

રજાનો દિવસ હતો. હું મારી રૂમમાં સ્હેજ આડો પડેલો. પંખો ધીમે ધીમે ચાલતો હતો. એટલામાં બારણું ખખડ્યું.

'કોણ ?' મેં પૂછ્યું.

'એ તો હું ખુડી.'

'ખુલ્લું જ છે આવ ને !'


સ્મિતાળવી ખુડી હળવેથી બારણું ખોલી, ત્યાં જ થોભી. ખુડી એ મારી કામવાળી. ખૂબ નિયમિત, પ્રામાણિક, કામઢી. દેખાવે શ્યામ પણ ચોખ્ખી. કામ સિવાય ઊંચે નજરેય ના કરે એટલી શરમાળ. હું સ્હેજ ચોંક્યો. એ ધીમે અવાજે નીચું જોઈને બોલી :

'શેઠ, તમે કાલે ભાવનગર જવાના ?'

'હા', 'તને કોણે કહ્યું ?'

'એ તો તમે જ હેઠળ પે.... લા ધોબીને ન્હોતા કહેતા...'

'તે તારે ભાવનગરનું શું કામ પડ્યું ?' મેં પૂછ્યું.



'શેઠ, એ તો છે ને મારા બાપાને હારુ એક શાલ મોકલાવવી છે...' એ સંકોચાતાં સંકોચાતા બોલી.

'શું નામ તારા બાપાનું ? ભાવનગરમાં ક્યાં રહે છે ?'

'એ તો શેઠ ખોડિયાર રસ્તો કોઈ ઝૂંપડાવાળાને કહેશો ને કે ભૈ 'ભગો મારવાડી' એટલે આખો મલક ઓળખશે.'

મેં કહ્યું, 'સારું.'

પછી મારા હાથમાં ભરત ભરેલી શાલ હેતપૂર્વક આપતાં કહેવા લાગી : 'આ પેલા માસ્તર કાશ્મીરથી લાયેલા તે જે દિવારી બુનસમાં આલેલી. મારો બાપ બચારો ટાઢમાં ઓઢશે.' કહેતાં કહેતાં, વેદનાશીલ વદને એ ગઈ.

વળી થોડી વારે, પાછી આવી મને કહેવા લાગી – 'અને શેઠ, મું તમારે ઘેર કોંમ કરું છું એ વાત ઈમને નો કરતા હોં !' કરુણાપૂર્વક બોલી.

અભ્યાસકાળ પછી ખાસ મળાયું જ ન્હોતું એટલે ભાવનગરમાં મિત્રને ત્યાં જ ઊતર્યો. ચા પાણી કર્યા. વાતમાંથી વાત નીકળતાં જ મેં પૂછ્યું, 'ઘણા વખતે મળ્યા, નહિ ?' એણે આંખોથી આખો અતીત ઉકેલ્યો.

પછી મેં પૂછ્યું.

'અહીંથી ખોડિયાર કેટલે ?'

'કેમ દરશન કરવા જવું છે ?'

'ના ભૈ ! એક સંપેતરું છે ?'

'કોનું ?' મિત્રે જિજ્ઞાસાથી પૂછ્યું.

મેં કહ્યું : 'તમે ભગો મારવાડી કરીને કોઈ છે એને ઓળખો ?' મિત્ર હસવા લાગ્યો. મેં કહ્યું : 'કેમ હસવું આવ્યું?'

'ભૈ, ભગા મારવાડીને કોણ ના ઓળખે ? એ ભલો ને એનું કામ ભલું. સિતેર વરહ થયાં હશે પણ ભાયડો કૈં મહેનત કરે છે કૈ મહેનત... એ તો આપણો માળી છે !'

એટલામાં જ ભગો મારવાડી દેખાયો. હાડકાંનો માળો કેડેથી વળેલો. વધી ગયેલી દાઢી. હું જોઈ રહ્યો.

મિત્ર બોલ્યો : 'અલ્યા, તારી દીકરીએ શાલ મોકલી !'

એ રૂમમાં આવ્યો. પલાંઠી વાળીને બેઠો. બે હાથ જોડ્યાં. કેવી દયનીય મુદ્રા !! આંખોમાં ઝળઝળિયાં !! શાલ હાથમાં લેતાં એના હાથ ધ્રૂજતા હતા. પાંપણો ઝૂકી ગઈ હતી. વળી પાછો પૂછવા લાગ્યો.

'સાયેબ મારી ખુડી હેમખેમ તો સે ને ? 'હા હા મજામાં' હું કહેતો રહ્યો. એણે ખુડી વિશે, એના દારૂડિયા પતિ વિશે મારી પાસેથી જાણવા ઘણી કોશિશ કરી. મેં સાચવી સાચવીને જ ઉત્તર આપ્યા. મિત્ર સાંભળી રહ્યો.

બીજે દિવસે સવારે હું નીકળવાનો હતો. એ ટાઈમસર આવી ગયો. મને એક પોટકી આપતાં નમ્રતાથી કહેવા લાગ્યો.

'સાયેબ, આ ખોડિયારમાનો પરસાદ મારી ખુડીને પોંચાડજો માતાજી તમારુંય ભલું...'

મેં પોટકી લીધી એણે મારી એટેચી લીધી. બસસ્ટેન્ડ સુધી વળાવવા આવ્યો. બસ ઊપડી એટલે હળવેથી કહે – 'સાયેબ, મારી ખુડીને મું મજૂરી કરું છું એ વાત ના કેંતા, નક્કામી ચન્ત્યા...' ને એનો ઊંચો થયેલો હાથ હું જોતો રહ્યો.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત લઘુવાર્તાના અધ્યાપનની શરૂઆતમાં માતાપિતા અને સંતાનો વચ્ચેના મજબૂત અને નિ:સ્વાર્થ પ્રેમ બાબત ચર્ચા કરવી. માતા-પુત્ર અને પિતા-પુત્રી વચ્ચેના અતૂટ સ્નેહની વાત ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવી. લઘુપ્રશ્નો પૂછીને વિષયવસ્તુ સમજાવવું. ભાવનગર અને ભાવ-નગરના તફાવત દ્વારા પાઠના શીર્ષકની યથાર્થતા સમજાવવી. પ્રસ્તુત વાર્તાના પિતા-પુત્રીના પાત્રોની નિખાલસતા, મૂક લાગણીને સરળ શબ્દોમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવો.

પુત્રીના શેઠ અને પિતાના શેઠના દિલની અમીરાત પણ વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવવી. સ્વાધ્યાયોના સ્વરૂપનો ખ્યાલ રાખી જરૂરી માહિતી આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દ માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કામગરી (૨) મુખાકૃતિ (૩) ઈમાનદાર (૪) ભૂતકાળ
(૫) પ્રયત્ન (૬) કમર (૭) માટે (૮) દરવાજો

**સ. ૨. નમૂના પ્રમાણે લખો : દા. ત. : મધરાત – મધ્યાહ્ન**

(૧) નિયમિત (૨) પ્રામાણિક (૩) શેઠ (૪) ઉત્તર (૫) શત્રુ (૬) વિનમ્ર

**સ. ૩. નીચેના શબ્દમાંથી અનેક અર્થપૂર્ણ શબ્દ બનાવો :** (૧) ભાવનગર (૨) અમદાવાદ

**સ. ૪. નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દ લખો : દા.ત. : બુનસ – બોનસ**

(૧) મું (૨) ઈમને (૩) ભૈ (૪) ભાયડો
(૫) સાયેબ (૬) ચન્ત્યા (૭) વરહ (૮) સે

**સ. ૫. શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) કોઈને પહોંચાડવા માટે આપેલી વસ્તુ - (૨) વસ્તુ ભેગી કરી કપડામાં બાંધેલી ગઠડી -

(૩) તરત શરમાઈ જાય તેવી વ્યક્તિ - (૪) કપડાં ધોવાનો વ્યવસાય કરે તે -

**સ. ૬. પાઠમાં આવતા બે રૂઢિપ્રયોગ શોધો અને તેનો અર્થ લખો.**

**સ. ૭. ઓળખો :** (૧) દેખાવે શ્યામ, સ્વભાવે શરમાળ - (૨) ખુડીના બાપા -

(૩) ભગા મારવાડીના શેઠ - (૪) ભાવનગર મિત્રના ઘરે જનાર -

**સ. ૮. ખાલી જગ્યામાં ખુડી વિશે યોગ્ય શબ્દ લખીને પરિચ્છેદ પૂર્ણ કરો :**

સ્મિતાળવી ______ હળવેથી બારણું ખોલી, ત્યાં જ થોભી, ખુડી એ મારી ______ખૂબ ______, ____, ____ દેખાવે ______ પણ ___________ કામ સિવાય ઊંચે નજરેય ના કરે એટલી ___________.

**સ. ૯. પાઠના આધારે નીચેના વિધાનો પૂર્ણ કરો :**

(૧) શેઠ, તમે કાલે ___________. (૨) મારા બાપાના હારુ એક ___________.

(૩) 'ભગો મારવાડી' એટલે___________. (૪) આ ખોડિયાર માતાનો પરસાદ _______.

(૫) સાયેબ, મારી ખુડીને મું ___________. (૬) શાલ હાથમાં લેતાં ___________.

**સ. ૧૦. પાઠના આધારે નીચેના વિધાનો પૂર્ણ કરો :**

(૧) મારા બાપાને હારુ _________________

(અ) પૈસા મોકલવા છે (બ) શાલ મોકલવી છે (ક) મીઠાઈ મોકલવી છે

(૨) ભરત ભરેલી શાલ કાશ્મીરથી _________________

(અ) માસ્તર લાવેલા (બ) શેઠ લાવેલા (ક) બાપા લાવેલા

(૩) શાલ લેતાં ભગા મારવાડીની આંખમાં પાણી આવી ગયાં કારણ કે_________________

(અ) પ્રેમાળ દીકરીની યાદ આવી ગઈ (બ) તેને દીકરી-જમાઈ યાદ આવ્યા

(ક) શાલ ખૂબજ સુંદર હોવાથી ગમી ગઈ

**સ. ૧૧. પાઠના આધારે નીચેના વાક્યોને તેના ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) ભગો મારવાડી શેઠને વળાવવા બસસ્ટેન્ડ સુધી ગયો. (૨) ખુડીએ શેઠના હાથમાં શાલ આપી.

(૩) ખુડી શેઠના ઘરે આવી. (૪) શેઠે ખુડીને તેના બાપાનું નામ પૂછ્યું.

**સ. ૧૨. ખુડીનો તેના પિતા પ્રત્યેનો પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.**

**સ. ૧૩. નીચેના નામ સાથે પાઠમાં આવતા વિશેષણ શોધીને લખો :**

(૧) ________ખુડી (૨) ________શાલ (૩) ________વદન

(૪) ________મુદ્રા (૫) ________ચિંતા (૬) ________ભગો

સ. ૧૪. વચન બદલો :

(૧) બારણું (૨) મિત્ર (૩) પંખા (૪) આંખો
(૫) ઝૂંપડું (૬) દીકરીઓ (૭) સાહેબો (૮) પાંપણ

**સંભાષણ** ★ તમારી શાળાના સફાઈ કર્મચારીની કામગીરી બાબત વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'દીકરી મારી લાડકવાયી– લક્ષ્મીનો અવતાર' ગીત ઈન્ટરનેટની મદદથી મેળવો અને કાર્ડ પેપર પર લખીને ભીંતપત્રક બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### કેટલું મળ્યું ?

મેક્સીકોના એક પ્રદેશમાં ઠંડા અને ગરમ પાણીના ઝરા પાસે પાસે આવેલા છે. ત્યાંની સ્ત્રીઓ પોતાનાં કપડાં પહેલાં ઊકળતા પાણીના ઝરામાં બોળે છે અને પછી બાજુના ઠંડા પાણીમાં તારવીને નિચોવી નાખે છે. આવી સગવડ જોઈને ત્યાં ગયેલ એક પ્રવાસીએ કહ્યું : ''આવી સરસ કુદરતી સગવડ મળવાથી અહીંના લોકો ઈશ્વરનો આભાર માનતા હશે !''

'આભાર ?' ત્યાંના રહેવાસીએ સામે પ્રશ્ન કર્યો, 'અરે, અહીંના લોકો તો અફસોસ કરે છે કે ઝરામાં ગરમ પાણી તો છે પણ તે સાબુ કે સોડાવાળું નથી !'

કેટલાંક દુ:ખો આપણે પોતે ઊભા કરીએ છીએ. એમાંનું એક દુ:ખ આપણા અસંતોષનું છે.

સામાન્ય રીતે, માણસ પોતાને જે મળવું જોઈએ તે મળ્યું નથી, પોતાને કેટલો અન્યાય થયો છે એનો જ વિચાર કરે છે. આવા વિચારને કારણે તેનામાં અસંતોષ જન્મે છે અને અસંતોષમાંથી દુ:ખ જન્મે છે.

આવી રીતે વિચારનાર માણસને અન્યાય થયો હશે અને તેને કારણે તેને કેટલુંક ગુમાવવું પડ્યું હશે; પરંતુ તેને જે પ્રાપ્ત થયું છે તેમાં કેટલી બધી વ્યક્તિઓનો ફાળો છે, તેનો તેને વિચાર આવે છે ખરો ? આપણા જીવનની રચના એટલી અટપટી છે કે આપણે ગમે તેટલા શક્તિશાળી હોઈએ તોપણ આપણી પાસેનું બધું માત્ર આપણી શક્તિઓને કારણે જ પ્રાપ્ત થઈ શકે નહિ. કેટલી બધી વસ્તુઓ આપણને આપણા પૂર્વજો તરફથી વારસામાં મળેલી હોય છે ? કેટલું બધું મિત્રોને કારણે પ્રાપ્ત થયું હોય છે ? કેટલું દેશને કારણે, સમાજને કારણે, જાણીતા અને અજાણ્યા લોકોને કારણે આપણને મળ્યું હોય છે ?

આપણે જે કાંઈ હોઈએ, જ્યાં હોઈએ, ત્યાં પહોંચવામાં કેટલી બધી વ્યક્તિઓનો ફાળો છે તેનો જો આપણે વિચાર કરીએ તો એમના તરફ આપણા મનમાં આભારની લાગણી ઉત્પન્ન થયા વિના રહે નહિ. જે માણસ બીજાના ઋણનો સ્વીકાર કરે છે, તે ઊંડા સુખ અને સંતોષની લાગણી અનુભવી શકે છે.

– મોહમ્મદ માંકડ

# સંધિ - (૧)

સંધિ

→ સ્વર સંધિ

→ વ્યંજન સંધિ

અહીં આપણે સ્વરસંધિ વિષે સમજીશું. જ્યારે સ્વરનું જોડાણ સંધિના નિયમ પ્રમાણે થાય ત્યારે તેને સ્વરસંધિ કહે છે.

દા.ત. : દેશ + અભિમાન = દેશાભિમાન ⟶ સરખી જાતિના સ્વરનું જોડાણ

પરમ + ઈશ્વર = પરમેશ્વર ⟶ જુદી જાતિના સ્વરનું જોડાણ.

મહત્ત્વની સ્વરસંધિ નીચે પ્રમાણે છે.

(અ) અ + અ = આ

(૧) ભાવ + અર્થ = ભાવાર્થ (૨) પર + અધીન = પરાધીન

(૩) સ્નેહ + અધીન = સ્નેહાધીન (૪) વૃદ્ધ + અવસ્થા = વૃદ્ધાવસ્થા

(બ) આ + આ = આ

(૧) મહા + આત્મા = મહાત્મા (૨) તૃષા + આતુર = તૃષાતુર

(૩) ચિંતા + આતુર = ચિંતાતુર (૪) મહા + આલય = મહાલય

(ક) ઇ + ઇ = ઈ

(૧) રવિ + ઇન્દ્ર = રવીન્દ્ર (૨) પરિ + ઇક્ષા = પરીક્ષા

(૩) યતિ + ઇન્દ્ર = યતીન્દ્ર (૪) જતિ + ઇન્દ્ર = જતીન્દ્ર

(ડ) ઈ + ઈ = ઈ

(૧) નારી + ઈશ્વર = નારીશ્વર (૨) યોગી + ઈશ્વર = યોગીશ્વર

(૩) રજની + ઈશ = રજનીશ (૪) પાર્વતી + ઈશ = પાર્વતીશ

(ઈ) ઉ + ઉ = ઊ

(૧) ભાનુ + ઉદય = ભાનૂદય (૨) ગુરુ + ઉત્તમ = ગુરુત્તમ

(૩) સુ + ઉક્તિ = સૂક્તિ (૪) લઘુ + ઉત્તર = લઘૂત્તર

(ફ) ઊ + ઊ = ઊ

(૧) વધૂ + ઊર્મિ = વધૂર્મિ (૨) સિંધૂ + ઊર્મિ = સિંધૂર્મિ

8SQ28S

ભાગ્યના દ્વાર ખોલવા માટે મહેનતની ચાવી જ જોઈએ.

# ૩. આવકારો

## દુલા ભાયા કાગ

તેમનો જન્મ ૨૫ નવેમ્બર, ૧૯૦૨ના રોજ સૌરાષ્ટ્રના મજાદર ગામે થયો હતો. આ ચારણ કવિ મુખ્યત્ત્વે તેમના ધાર્મિક છંદ, ભજન અને દોહાઓ માટે જાણીતા બન્યા છે. તેમણે માત્ર પાંચ ધોરણ સુધીનું જ શિક્ષણ લીધું હતું. પછી કૌટુંબિક વ્યવસાય ખેતીમાં જોડાયા હતાં. તેમણે પોતાની જમીન વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં આપી દીધી હતી. 'કાગવાણી ભાગ ૧ થી ૮', 'વિનોબા ભાવેની – ચન્દ્ર બાવની', 'સોરઠબાવની', 'શક્તિચાલીસા', 'ગુરુમહિમા' વગેરે પુસ્તકો તેમણે આપ્યા છે. તેમને પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો. ૨૫ નવેમ્બર, ૨૦૦૪ના રોજ ભારત સરકારના ટપાલ વિભાગે તેમના માનમાં પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૭ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ ઉમદા માનવ જીવન જીવવાની શીખ આપતા એકબીજાને ઉપયોગી થવાની વાત કરી છે. દુનિયામાં ઘણા માણસો મુશ્કેલીથી ઘેરાયેલાં અને ખૂબ દુ:ખી હોય છે. તેવા કોઈપણ માણસ મદદની આશાથી આપણી પાસે આવે તો આપણે તેનું દુ:ખ સમજવા તેની વાત શાંતિથી સાંભળવી જોઈએ. અને તેની સાથે સહાનુભૂતિભર્યો વ્યવહાર કરી તેના દુ:ખમાં ભાગીદાર થવું જોઈએ જેથી તેનું દુ:ખ હળવું થઈ શકે.

દુ:ખથી વ્યગ્ર લોકોને સાંત્વના આપવી એ માણસાઈ દર્શાવવાનું પ્રથમ લક્ષણ છે. ઈશ્વરની દેન સમા માનવજીવનને દીપાવવા માટે માનવતા જેવો શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી તેવું આ કાવ્યમાં અત્યંત સરળ ભાષામાં કવિએ આપણને સમજાવ્યું છે.

એ જી તારાં આંગણિયાં પૂછીને કોઈ આવે રે;
આવકારો મીઠો આપજે રે !
એ જી તારે કાને રે સંકટ કોઈ સંભળાવે રે;
બને તો થોડું કાપજે રે ! (ટેક)
માનવીની પાસે કોઈ માનવી ન આવે રે ;
એ જી તારા દિવસની પાસે રે દુખિયાં આવે રે ! ... આવકારો ૦
'કેમ તમે આવ્યા છો ?' એમ નવ કહેજે રે !
એ જી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે ! ... આવકારો ૦
વાત એની સાંભળીને આડું નવ જોજે રે;
એ જી એને માથું રે હલાવી હોંકારો તું દેજે રે ! ... આવકારો ૦
'કાગ' એને પાણી પાજે, સાથે બેસી ખાજે રે;
એ જી એને ઝાંપા રે સુધી તું મેલવા જાજે રે ! ... આવકારો ૦

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં સમૂહગાન કરાવવું, ત્યાર પછી આપણા ઘરે આવતા મહેમાનોની આગતા-સ્વાગતા કેવી કેવી રીતે કરવામાં આવે છે તે બાબત ચર્ચા કરીને ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી આતિથ્ય ભાવનાની સમજ આપવી.

કાવ્યના વાચ્યાર્થ પ્રમાણે પ્રશ્નો પૂછી તેના જવાબના આધારે ઉદાહરણ સાથે તેના ગૂઢાર્થનું સ્પષ્ટીકરણ કરવું. દિલાસો દેવાથી, સહાનુભૂતિ દર્શાવવાથી અને સાંત્વના આપવાથી મનુષ્યનું માત્ર દુ:ખ જ દૂર નથી થતું પણ તેની સામે લડવાની તેનામાં હિંમત આવે છે, નવું જોમ પ્રગટે છે અને તે જ તો માનવતાનું શ્રેષ્ઠ દર્શન છે. માટે માનવતા દર્શાવી મનુષ્યજીવન સાર્થક કરવાની પ્રેરણા પૂરી પાડવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) મુશ્કેલી (૨) મનુષ્ય (૩) ધીમે (૪) નહિ
(૫) શીશ (૬) જળ (૭) દિન (૮) ઓછું

**સ. ૨. શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) જેની આવવાની તિથિ નક્કી નથી તે – (૨) જેને કદી સંતોષ જ ન થાય તે –
(૩) ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગ્યા – (૪) બધું જ સારી રીતે જાણનાર –

**સ. ૩. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દ શોધીને લખો.**

**સ. ૪. આડું જોવું એટલે અવગણના કરવી. આવી રીતે નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ શબ્દકોશની મદદથી મેળવીને લખો :**

(૧) આડું વેતરવું (૨) આડું ઉતરવું (૩) આડું પડવું (૪) આડું ચાલવું (૫) આડું આવવું

**સ. ૫. અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) તને સુખી જોઈને કોઈ તારી પાસે તેમનું દુ:ખ વ્યક્ત કરવા આવે તો તું તેની વાત શાંતિથી સાંભળજે.
(૨) દુ:ખીઓની વાત સાંભળ્યા પછી તેની અવગણના ન કરીશ. પણ વચ્ચે તેને હોંકારો આપતો રહેજે જેથી તેને સાંત્વના મળી રહે.

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન ફરીથી લખો :**

(૧) આંગણે આવનાર અતિથિને ___________________
(અ) ભેટીને આવકારવાનું કવિ કહે છે (બ) મીઠો આવકારો આપવાનું કવિ કહે છે
(ક) પરાણે આવકારવાનું કવિ કહે છે

(૨) કોઈ પોતાના દુ:ખની વાત કરતા હોય ત્યારે ___________________
(અ) તેની વાત વચ્ચેથી કાપી નાંખવી (બ) તેને વાત કરતા અટકાવીને રવાના કરી દેવા
(ક) તેની વાત શાંતિથી સાંભળવી

(૩) આ કાવ્યમાંથી બોધ મળે છે કે ___________________
(અ) બધા સાથે હળીમળીને રહેવું (બ) માનવતા દાખવી એકબીજાને મદદરૂપ થવું
(ક) કટુ વ્યવહાર કદી કરવો નહિ

(૪) આંગણે આવેલા અતિથિનો__________________
(અ) તિરસ્કાર કરીને તેને કાઢી મૂકવા (બ) તિરસ્કાર કરવો (ક) તિરસ્કાર ન કરવો

**સ. ૭. આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ કાવ્યપંક્તિ લખો :**

(૧) એને પાજે કાગ ખાજે સાથે બેસી રે પાણી
(૨) આવે એ રે જી તારાં પૂછીને આંગણિયાં કોઈ
(૩) કોઈ માનવી આવે પાસે ન માનવીની રે
(૪) કાને રે જી એ સંકટ રે સંભળાવે કોઈ તારે

**સ. ૮. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) કોઈ આંગણે આવે ત્યારે | (અ) કદી ન પૂછજો |
| (૨) કોઈ પોતાનું દુ:ખ કહે ત્યારે | (બ) તેને હોંકારો દેજો |
| (૩) કેમ આવ્યા છો તેવું | (ક) તેને આવકારો આપજો |
| (૪) તેની વાત સાંભળીને | (ડ) થોડું દુ:ખ ઓછું કરજો |

**સ. ૯. પ્રસ્તુત કાવ્યનો સાર તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦. નીચેના વાક્યોને બહુવચનમાં ફેરવો : દા.ત. : તું શાક રોટલો ખાજે. તમે શાક રોટલા ખાજો.**

(૧) તું ગરીબને મદદ કરજે. (૨) હું રોટલી બનાવીશ. (૩) તે દાખલો ગણશે.
(૪) તું તારા કપડાં ધોઈ નાંખજે. (૫) તું ચિત્ર દોરજે. (૬) હું તને ગીત સંભળાવીશ.

**સંભાષણ** ★ 'અતિથિ દેવો ભવ:'ની સંસ્કૃતિ વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'દુલા ભાયા કાગ'ના ૫ દોહાઓ ઈન્ટરનેટની મદદથી શોધીને એક સરસ મજાનું ભીંતપત્રક બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### અતિથિ

તિથિ જોયા વગર આપણા ઘરના આંગણે આવીને ઊભો રહે તે અતિથિ. એક સૂત્ર પણ છે કે 'અતિથિ દેવો ભવ:' આ સૂત્રમાં કેવો ભવ્ય ભાવ ભરેલો છે. ભારતીય સંસ્કૃતિની કેવી સુંદરતા રહેલી છે કે સ્નેહી સ્વજનોના સત્કાર કરતાય અતિથિ સન્માનથી સદ્ભાવના અપૂર્વ કોટિની ગણાતી !

જ્યાં કુટુંબના નાના-મોટા સહુના દિલમાં ભેદભાવ નથી પણ સમભાવ છે. જ્યાં કલેશ, દ્વેષ કે કટુતા નથી, નથી નિંદા કે પારકી પંચાત જેના ઘરમાં અન્યના ઘરની વાત અથવા વિચારને આવકાર નથી, પણ જ્યાં સંપ, સ્નેહ-સદ્ભાવ, સત્સંગ અને સત્કર્મની સુમધુર સુવાસ ઘરની પ્રત્યેક વ્યક્તિના અણુએ અણુમાં વ્યાપેલી છે એવા ઘરમાં અતિથિનાં સાચા સન્માન, સત્કાર ને સ્વાગત થાય છે. આવી અતિથિ સત્કારની સદ્ભાવના સહુ કોઈના જીવનમાં સાકાર પામે એ જ મંગલ મનોકામના.

– સંકલિત

8SYXAF

આતિથ્ય ભાવના ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે.

# ૪. ભગવાનની ખોજ

**આશા વીરેન્દ્ર**

ભગવાનની ખોજ એ અન્ય ભારતીય ભાષાના લેખક પી. રાજાની મૂળવાર્તાનું શ્રીમતી આશા વીરેન્દ્રએ ગુજરાતી ભાષામાં કરેલું અનુસર્જન છે. લેખિકા વિવિધ ગુજરાતી દૈનિકો, સામયિકો માટે લેખન કાર્ય કરે છે. 'તર્પણ' ભાગ-૧, ૨ તેમનો વાર્તાસંગ્રહ છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં દાદા અને પૌત્ર વચ્ચેના વિશ્વાસ અને શ્રદ્ધાના સંબંધ વિશે વાત કરવામાં આવી છે. દાદા પોતાના પૌત્રને નિસર્ગમાં તત્ત્વમાં ઈશ્વરની અનુભૂતિ કરાવે છે. મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું, એ ઉક્તિને સાર્થક કરતો દાદાનો પૌત્રપ્રેમ અને ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધાના અહીં દર્શન થાય છે. દાદાજીના અવસાન પછી પૌત્રને પોતાનામાં જ ઈશ્વરના દર્શન થાય છે. અને તેને શ્રીકૃષ્ણએ અર્જુનને કહેલું વાક્ય - 'હું તારામાં જ છું.' તે સમજાઈ જાય છે ત્યારે તે મનોમન દાદાજીને પ્રણામ કરે છે. આમ બે પેઢી વચ્ચેના સુયોગ્ય મેળની સુસંગતતા લેખકે અહીં સરળ શબ્દોમાં અને હૃદયસ્પર્શી શૈલીમાં વર્ણવી છે. સાથે સાથે ઔષધિયુક્ત વનસ્પતિની વાત કરીને આપણને કુદરતી ઉપચારો તરફ વાળવાનો પ્રયત્ન પણ ખરેખર પ્રસંશનીય છે.

એ વાતને કદાચ ત્રણેક દાયકા વીતી ગયા હશે એ વખતે મારી ઉંમર પાંચેક વર્ષની હશે. નાનકડા એવા અમારા ગામમાં દાદાજીનું ખૂબ માન. દૂરથી એમને આવતા જુએ કે તરત ગામની વહુઓ માથું ઢાંકે. વેપારીઓ કે ખેડૂતો વાંકા વળીને નમસ્કાર કરે. હું તો દાદાજીના જિગરનો ટુકડો. મને એટલા લાડ લડાવે કે, દાદી, મા, પિતાજી બધાં ફરિયાદ કરતાં, કે આમ કરી કરીને તેઓ મને બગાડી મૂકશે. સવારે આંખ ખૂલે એટલે મારા મોંમાં પહેલો શબ્દ હોય. 'દા...દા...!' અને દાદા પણ, 'હં બોલો બેટા !' કહેતાં હાજર જ હોય. હું ગમે તેટલા સવાલો પૂછું પણ દાદા કોઈ દિવસ કંટાળે નહીં. મારી નાની નાની આંખોને એમણે દુનિયા જોતાં શીખવ્યું. 'દાદા, આ પાંદડાં લીલા ને ફૂલનો રંગ લાલ કેમ ?'

'દાદા, આ ચકલી આટલી નાનકડી ને કાગડો મોટો કેમ ?'

મારા જિજ્ઞાસુ મનમાંથી અવનવા સવાલો ઊઠતા રહેતા અને દાદા ધીરજપૂર્વક સરળતાથી બધાના જવાબ આપતા. કેટ-કેટલી જાતના પંખીઓ, એમનો કેવો અવાજ, ક્યા ઝાડ કે છોડનો દવા તરીકે કે પૂજા માટે ઉપયોગ થાય - આ બધી વાતો એમણે નાનપણમાં મને રમત રમતમાં શીખવેલી.

'જો, આ તુલસી છે ને, એનાં પાંચ પાન રોજ ચાવી જા. શરદી તારાથી દૂર ભાગશે.' આ ફુદીનો છે. પેટમાં દુખતું હોય તો એનો રસ પી જવાનો, તરત સારું થઈ જાય.'

'પણ દાદા, આ આખી દુનિયા, આટલા બધા માણસો, ફૂલ-ઝાડ, પંખીઓ-આ બધું કોણે બનાવ્યું ?'

'ભગવાને.'

'ભગવાન એટલે ? એ કોણ છે ? કેવા છે ?'

'આ સૃષ્ટિનો સર્જક, રક્ષક અને વિનાશક બધું ભગવાન જ છે. પછી મારા મૂંઝવણભર્યા ચહેરા સામે જોઈ હસીને કહેતા, 'નથી સમજાતું ? આ બધું સમજવા માટે તું હજી નાનો છે. બસ, માત્ર એટલું સમજી લે કે, આ બધી ઈશ્વરની કૃપા છે.'

'દાદા, આ ભગવાન છે ક્યાં ?'

'બધે જ. જ્યાં જ્યાં તું નજર કરે ત્યાં બધે જ એનો વાસ છે.'

'તમે એને જોયા છે.'

ઘડીક વિચાર કરીને દાદા બોલ્યા, 'હા, જોયા છે રોજ જોઉં છું એમની કૃપાનો પણ રોજ અનુભવ કરું છું.'

મેં એમનો હાથ જોરથી પકડી લીધો, 'મને પણ ભગવાન બતાવો. મારે એમને જોવા છે.'

વ્હાલથી મારો ગાલ ખેંચતા એ બોલ્યા, 'તારે માટે હજી એને જોવાનો સમય પાકવાને વાર છે. વખત આવ્યે તને દેખાશે.'

મને દાદાના વચન પર પૂરો ભરોસો હતો. દાદા કહે છે તો જરુર એક દિવસ મને ભગવાન બતાવશે. અમારા ઘર પાછળના વાડામાં એક કૂવો હતો. દાદા મને ત્યાં નાહવા લઈ જતા પાણી ખેંચીને પોતે પણ નાહતા અને મને પણ નવડાવતા. એક દિવસ રોજના ક્રમ પ્રમાણે એ મને નવડાવી રહ્યા હતા ત્યારે મેં કહ્યું.

'દાદા, તમે કહો છો કે, ભગવાન બધે છે પણ મને તો ક્યાંય દેખાતા નથી. એવું કેમ ? સાચું કહો ને. ભગવાન ક્યાં છે?' મને ભગવાનને જોવાની બરાબર તાલાવેલી લાગી હતી. મારી વારંવારની પૂછપરછના જવાબમાં એક દિવસ એકાએક એમણે કહ્યું.


'ભગવાન છે ને તે... છે ને તે આ કૂવામાં છે. ખૂબ ઊંડે.'

મેં ઉત્સાહથી કહ્યું, 'તો તો મને બતાવો. હમણાં ને હમણાં જ બતાવો.' એમણે કહ્યું, 'ના, એમ કોઈ બીજું બતાવી ન શકે. આપણે જાતે જ જોવા પડે.' દાદા મને રામાયણ, મહાભારત, ગીતાની વાતો સમજાવતા. રામ, કૃષ્ણ, હનુમાન, બુદ્ધ, મહાવીરની કેટલીય જાત જાતની વાતો કહેતા. મને સાંભળવામાં ખૂબ રસ પડતો પણ સાથે જ ગૂંચવાતો પણ ખરો કે, આટલા બધામાંથી સાચા ભગવાન કોણ અને તે કેવા હોય ?

એક દિવસ દાદા ટેબલ પર ચઢીને કબાટમાંથી ચોપડી લેવા ગયા ત્યારે ઘડી ભર માટે ચૂક્યા ને ટેબલ પરથી પડ્યા. માથામાં સખત માર વાગ્યો. ડૉક્ટરે ડ્રેસિંગ કરીને પાટો બાંધી આપ્યો. માથે સફેદ પાટો અને મોઢા પર મીઠું સ્મિત. આ સ્વરુપમાં મને દાદાજી એટલા ગમી ગયા કે, અનાયાસ જ મારાથી પૂછાઈ ગયું.

'દાદા, ભગવાન તમારા જેવા હોય ?'

'ના રે ના, ભગવાન જેવા થવાનું કે દેખાવાનું મારું નસીબ ક્યાંથી ?' પછી મને પોતાની પડખે બેસાડી મારે



માથે વહાલથી હાથ ફેરવતાં બોલ્યા, 'બેટાં, મારા પર ભરોસો રાખ. હું તને કહું છું કે, એક દિવસ તને જરુર સમજાશે કે, ભગવાન કેવા હોય ?'

એ રાતે સૂતા પછી બીજી સવારે દાદા ઊઠ્યા જ નહીં. આખા ઘરમાં સોપો પડી ગયો. હસતું-રમતું ઘર જાણે દુ:ખની છાયામાં ઢંકાઈ ગયું. પિતાજી ગૂમસૂમ થઈ ગયા હતા અને મા છાનું છાનું રડ્યા કરતી હતી પણ બધા કરતાં મને એમના જવાનો જબરદસ્ત આઘાત લાગ્યો. મારા વડીલ ગયા કે મારો મિત્ર ગયો એ મને સમજાતું નહોતું પણ એટલું તો હું સ્પષ્ટપણે એ વયે પણ સમજી શક્યો હતો કે, મારા જીવનની બહુ મૂલ્યવાન ચીજ મેં ગુમાવી દીધી હતી. હું સાવ સૂનમૂન થઈ ગયો.

થોડા દિવસ પછી એક બપોરે હું એકલો એકલો કૂવા પાસે પહોંચ્યો. મને દાદાએ કહેલી વાત યાદ આવી કે, ભગવાન આ કૂવામાં છે. કાંઠે પડેલી લોખંડની બાલદી ઊંધી વાળીને હું સાચવીને એની પર ચઢ્યો. કૂવામાં ડોકિયું કર્યુ ને મારા આનંદનો પાર ના રહ્યો.

'આ શું ? ભગવાન તો મારા જેવા જ દેખાય છે !'

આજે આટલાં વર્ષો પછી સમજાય છે કે, દાદાએ રમત રમતમાં મારા બાળમનમાં શ્રી કૃષ્ણએ ગીતામાં, અર્જુનને કહેલું વાક્ય કેવું જડબેસલાક ઉતારી દીધું હતું. 'તત્ત્વમસિ' હું તારામાં જ છું. જે તું છે એ હું છું અને જે હું છું તે તું છે.

હું મનોમન દાદાજીને પ્રણામ કરું છું.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં 'તારક મહેતાના ઉલ્ટા ચશ્મા' સિરિયલના દાદાપૌત્રના પાત્ર વિશે ચર્ચા કર્યા પછી વિદ્યાર્થીઓના પોતાના દાદા સંબંધી વિચારો જાણવા. પ્રસ્તુત વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ લઘુપ્રશ્નોની મદદથી કરવું. પ્રકૃતિમાં રહેલા ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ કરવા પ્રેરણા આપવી. મનુષ્યમાત્રમાં રહેલા ઈશ્વરીય તત્ત્વ બાબત શ્રદ્ધા નિર્માણ કરવા ઉદાહરણ આપવા તેમજ દરેક વડીલો પ્રત્યે આદરપૂર્વક અહોભાવ કેળવવાની બાબતમાં પણ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) હૃદય (૨) વૃંદા (૩) રાવ (૪) દસકો
(૫) પુસ્તક (૬) આતુરતા (૭) સજ્જડ (૮) ગુપચુપ

**સ. ૨. નમૂના પ્રમાણે લખો : દા.ત. : અનાયાસ – આયાસ**

(૧) જવાબ (૨) સર્જન (૩) ઊંડું (૪) ઉત્સાહ

**સ. ૩. નીચેના શબ્દોના અન્ય બે-બે સમાનાર્થી શબ્દો લખો :**

(૧) ભગવાન (૨) ફૂલ (૩) ઝાડ (૪) આંખ
(૫) પાણી (૬) માથું (૭) પંખી (૮) આકાશ

**સ. ૪. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) જિગરનો ટુકડો હોવો | (અ) શાંતિ છવાઈ જવી. |
| (૨) તાલાવેલી લાગવી | (બ) અત્યંત દુ:ખ થવું |
| (૩) સોપો પડી જવો | (ક) ઉત્સુકતા જાગવી |
| (૪) આઘાત લાગવો | (ડ) અતિ પ્રિય હોવું |

**સ. ૫. નીચેના શબ્દોના અક્ષરોનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા ત્રણ-ત્રણ અર્થપૂર્ણ શબ્દો બનાવો :**

(૧) વિનાશક (૨) જડબેસલાક

**સ. ૬. પાઠમાં આવતા બે-બે નામ લખો :**

(૧) વનસ્પતિ (૨) ધાર્મિક પુસ્તકો
(૩) દાદાની વાર્તાના પાત્રો (૪) ભગવદ્‌ગીતાના પાત્રો

સ. ૭. **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) અમારા ગામમાં દાદાજીનું ખૂબ __________________ હતું.

(અ) ગૌરવ (બ) માન (ક) અભિમાન

(૨) દાદાજીને જોતાં જ ગામની વહુઓ માથું __________________

(અ) ઢાંકી દેતી (બ) ઊઘાડી દેતી (ક) ધુણાવતી

(૩) તુલસીના પાન રોજ ચાવવાથી __________________

(અ) પેટ ન દુઃખે (બ) માથું ન દુઃખે (ક) શરદી મટી જાય.

(૪) એક દિવસ દાદા __________________ પરથી પડ્યા.

(અ) ટેબલ (બ) ખુરશી (ક) સીડી

સ. ૮. **નીચેના વાક્યો બોલનારના નામ લખો :**

(૧) 'ભગવાન એટલે ? એ કોણ છે ? કેવા છે ?'

(૨) 'હં બોલ બેટા !'

(૩) 'આ શું ? ભગવાન તો મારા જેવા જ દેખાય છે ?'

સ. ૯. **ઓળખો :**

(૧) દાદાજીના જિગરનો ટુકડો -

(૨) દાદાજીને વાંકાં વળીને નમસ્કાર કરનાર -

(૩) તુલસીના પાન ચાવીને ખાવાનું કહેનાર -

(૪) દાદાજીને જોતાં જ માથું ઢાંકનાર -

(૫) પૌત્રને બગાડી નાંખવાની દાદાજીને ફરિયાદ કરનાર -

સ. ૧૦. **નીચેના વાક્યોને ઘટનાના ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) દાદાજી પૌત્રને નવડાવી રહ્યાં હતાં.

(૨) દાદાજીનું પ્રાણપંખેરું ઊડી ગયું.

(૩) પૌત્રએ દાદાજીને ભગવાન બતાવવાની વાત કરી.

(૪) પૌત્ર દાદાજીને બહુ સવાલો પૂછતો.

સ. ૧૧. **'પૌત્ર પર પડેલા દાદાના પ્રભાવ' વિશે તમારા શબ્દોમાં લખો.**

સ. ૧૨. **નીચેના વાક્યોમાં અધોરેખિત શબ્દની જાતિ બદલીને વાક્ય ફરીથી લખો :**

દા.ત. : <u>પૌત્ર</u> <u>દાદા</u> પાસે રહે છે. જવાબ : <u>પૌત્રી</u> <u>દાદી</u> પાસે રહે છે.

(૧) <u>વિદ્યાર્થી</u>ઓ અભ્યાસ કરે છે.

(૨) <u>ગાય</u> ઘાસ ચરે છે.

(૩) <u>નોકર</u>ને <u>શેઠાણી</u>એ મદદ કરી.

(૪) ભણીગણીને <u>દીકરો</u> ડૉક્ટર થયો.

(૫) <u>કઠિયારો</u> લાકડાં કાપે છે.

(૬) <u>શિક્ષક</u> <u>બાળક</u>ને ભણાવે છે.

સ. ૧૩. **યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) દાદા ભગવાન તમારા જેવા હોય

(૨) ભગવાન એટલે એ કોણ છે કેવા છે

(૩) દાદા આ ચકલી આટલી નાનકડી ને કાગડો મોટો કેમ

સ. ૧૪. 'તા' પ્રત્યય લગાડી ભાવવાચક નામ બનાવો :

(૧) સર્જક (૨) વિનાશક (૩) સુંદર (૪) શાલીન (૫) એકાગ્ર

સ. ૧૫. ઉદાહરણ પ્રમાણે વાક્યોનું બહુવચનમાં રૂપાંતર કરો :

દા.ત.પીળું ફૂલ ફૂલદાનીમાં મૂક. જવાબ : પીળાં ફૂલો ફૂલદાનીમાં મૂકો.

(૧) લીલું પાન ચાવી જા. (૨) કાગડો ઝાડ પર બેઠો છે.

(૩) કૂવો ઊંડો ખોદાવો. (૪) છોકરું દોડતાં દોડતાં પડી ગયું.

**સંભાષણ** ★ તમારા દાદા-દાદી, નાના-નાની સાથેના કોઈ એક યાદગાર પ્રસંગ વિશે વર્ગમિત્રો સાથે ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ દેશના દાદા – 'દાદાભાઈ નવરોજી' વિશે માહિતી મેળવ્યા પછી તેનું ચિત્ર લગાડી તેની નીચે તે લખીને સુંદર ચાર્ટ બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### કોણ કહે છે

આ ધરતી પર ક્યાંય કશે ભગવાન નથી !
કોણ કહે છે :
આ અવનિ પર ઈશ્વરનાં એંધાણ નથી !
રાતદિવસ ને સાંજસવારે
સદા નિયમસર આવે છે;
સૂરજ-ચાંદો નિયમિત જગને
તેજ થકી બહેલાવે છે.
ચોમાસાનાં જલવર્ષા ને વસંત રૂપતણી રાણી,
ટાઢ શિયાળે, તાપ ઉનાળે,
ઋતુઓની કેવી લ્હાણી !
જીવન કેરાં અમૃત જેવાં
જળનાં મૂલ્ય અમૂલ્ય હો !

ધરતી માતા ધાન્ય ઉગાડે,
એ ઉપકાર અતુલ્ય, અહા !
એકધારું ને અણઘટકતું
અનંત આયોજન આવું,
વિરાટને આંગણિયે જેણે
નિત્ય નવું છે સરજાવું,
અંતર્યામી એ ઈશ્વરની
આ સહુ ઓળખાણ નથી ?
પાય પડું ના કહેશો કો'દી
'ક્યાંય અહીં ભગવાન નથી !'

8T8TC3

આસપાસ આકાશમાં અંતરમાં આવાસ ઘાસચાસની પાસ પણ ઈશ્વર તારો વાસ.

# ૫. નવાઈલાલ

### વેણીભાઈ પુરોહિત

તેમનો જન્મ ૧ ફેબ્રુઆરી, ૧૯૧૬ના રોજ જામખંભાળિયામાં થયો હતો. વ્યવસાયે પત્રકાર આ કવિએ શરૂઆતમાં પ્રૂફરિડર તરીકે કામ કર્યું હતું. તેઓ ગુજરાતી દૈનિક સાથે જોડાયેલા રહ્યા. તેમણે કેટલાક ગુજરાતી ફિલ્મી ગીતો પણ લખ્યાં છે. સંગીતની સૂઝ હોવાને લીધે તેમના ગીતોમાં અને ગઝલોમાં શબ્દ અને લયનું માધુર્ય પ્રગટ થાય છે. 'સિંજારવ', 'ગુલઝારે શાયરી', 'દિપ્તી', 'આચમન', 'સહવાસ' વગેરે કાવ્યસંગ્રહો તથા 'અત્તરના દીવા', 'વાંસનું વન', 'સેતુ' વગેરે વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે. 'તારી આંખનો અફીણી' જેવી સુપ્રસિદ્ધ રચના પણ આપણને તેમની પાસેથી મળી છે. ૩ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ તેમનું અવસાન થયું હતું.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં ગામડામાં ઉજવાતી હોળીના દશ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. ભારતની સાંસ્કૃતિક પરંપરામાં તહેવારોનું આગવું અને અનોખું મહત્ત્વ છે. 'હોળી'નો રંગીન તહેવાર ભારતભરમાં ભારે ઉત્સાહથી ઉજવવામાં આવે છે. વળી દરેક રાજ્યની ઉજવણીમાં ભિન્નતા હોવા છતાં ઉત્સાહ અને ઉમંગમાં કોઈ જ ઓટ વર્તાતી નથી. બાળકો હોળીના અવસરે પોતાના મહોલ્લામાં બધાંને રંગવાની પેરવીમાં નીકળી પડે છે. તો આવા સપરમા દહાડે હોળીનો ફાળો ઉઘરાવતી ઘેરૈયાની ટોળી આવતા-જતાં લોકોને ચેતીને ચાલવા માટે કહે છે. 'નવાઈલાલ'ના પાત્ર દ્વારા કવિએ કાવ્યમાં હાસ્યરસનું નિરૂપણ કરવા સાથે તાલ અને લયનું અદ્ભુત સંયોજન કરીને કાવ્યને ગેયતા આપી છે.

ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ !
હોળીનો પૈસો આલો, નવાઈલાલ !

આજે છે રંગ રંગ હોળી, નવાઈલાલ !
આવી ઘેરૈયાની ટોળી, નવાઈલાલ !

ખાવાં છે સેવ ને ધાણી, નવાઈલાલ !
દાણ માગે છે દાણી, નવાઈલાલ !

આવ્યા નિશાળિયા દોડી, નવાઈલાલ !
સાહીની શીશીઓ ઢોળી, નવાઈલાલ !

ઝાલી છે હાથમાં ઝોળી, નવાઈલાલ !
સિકલ તમારી છે ભોળી, નવાઈલાલ !

જૂની પોતડી પ્હેરી, નવાઈલાલ !
લાગો છો રસિયા લ્હેરી, નવાઈલાલ !

ઊંધી તે પ્હેરી ટોપી, નવાઈલાલ !
હસશે ગામની ગોપી, નવાઈલાલ !

ચશ્માની દાંડી વાંકી, નવાઈલાલ !
આંખોની આબરુ ઢાંકી, નવાઈલાલ !

ચાલોને ઘેરમાં ફરશું, નવાઈલાલ !
નદીએ નાવણિયાં કરશું, નવાઈલાલ !

કોરા રહેવાની વાત મૂકો, નવાઈલાલ !
આજે દિવસ નથી સૂકો, નવાઈલાલ !

મૂછોમાં બાલ એક ધોળો, નવાઈલાલ !
કાળા કલપમાં બોળો, નવાઈલાલ !

કૂવાકાંઠે તે ના જાશો, નવાઈલાલ !
જાશો તો ડાગલા થાશો, નવાઈલાલ !

આજે સપરમો દા'ડો, નવાઈલાલ !
લાવો ફાગણનો ફાળો, નવાઈલાલ !

ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ !
હોળીનો પૈસો આલો, નવાઈલાલ !

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં ભારતમાં ઉજવાતા સામાજિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી બાબત ચર્ચા કરવી. તેમાં જરૂરી માહિતી પૂરી પાડવી. 'હોળી'ના તહેવાર પાછળની પૌરાણિક વાર્તાનો પરિચય આપવો.

ગામડામાં અને શહેરોમાં ઉજવાતા હોળીના તહેવારની ઉજવણી વિશે પ્રશ્નો પૂછીને આવશ્યક જણાય ત્યાં સ્પષ્ટીકરણ આપવું. ભારતના વિવિધ રાજ્યોમાં ઉજવાતા આ તહેવારની વિશેષતા પર પણ પ્રકાશ પાડવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) ફંડ (૨) બાટલી (૩) સરિતા (૪) શાખ
(૫) મહોલ્લો (૬) નેત્ર (૭) ચહેરો (૮) જકાત

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો : દા.ત. : સાક્ષર – નિરક્ષર**

(૧) ઊંધી (૨) કોરા (૩) ભોળું (૪) ધોળો (૫) જૂની

**સ. ૩.** **વાંકું એટલે સીધું નહિ તેવું, વાંકું વળવું એટલે નીચા નમવું. દા.ત. વાંકા વળીને સંજવારી કાઢવી. આવી રીતે નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

(૧) વાંકું ચાલવું (૨) વાંકું પડવું (૩) વાંકું બોલવું

**સ. ૪.** **શબ્દ સમૂહ માટે એક શબ્દ કાવ્યમાંથી શોધીને લખો :**

(૧) હોળી રમવા માટે મહોલ્લામાં નીકળેલો છોકરો - (૨) ચાર રસ્તા મળતા હોય તેવી જગ્યા -

(૩) શુભ, આનંદનું પર્વ, સારો દિવસ - (૪) જરાપણ ભીનું ન હોય તેવું -

**સ. ૫.** **પ્રાસયુક્ત શબ્દો કાવ્યમાંથી શોધો :**

(૧) ધોળો (૨) ચાલો (૩) ધાણી (૪) જાશો (૫) ટોપી

**સ. ૬.** લખો : (૧) કાવ્યમાં ઉલ્લેખાયેલ ખાવાની ચીજો - (૨) કાવ્યમાં ઉલ્લેખાયેલ પહેરવાની ચીજો -

**સ. ૭.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) ગામની ગોપી હસશે. કારણ કે ___________________

(અ) ઊંધી ટોપી પહેરી છે (બ) ઊંધું પહેરણ પહેર્યું છે (ક)પોતડી ઊંધી પહેરી છે

(૨) કોરા રહેવાની વાત ન કરવી. કારણ કે આજનો દિવસ___________________

(અ) સપરમો છે (બ) સૂકો નથી (ક) મજા કરવાનો છે

(૩) ઘેરૈયાની ટોળી મહોલ્લામાં નીકળી છે, કારણ કે ___________________

(અ) રંગપંચમીનો તહેવાર છે (બ) નવાઈલાલને રંગે રમાડવા છે

(ક) રંગ રંગ હોળીનો તહેવાર છે

**સ. ૮.** **કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) આવ્યા નિશાળિયા દોડી | (અ) લાગો છો રસિયા લ્હેરી |
| (૨) જૂની પોતડી પ્હેરી | (બ) કાળા કલપમાં બોળો |
| (૩) ચશ્માની દાંડી વાંકી | (ક) શાહીની શીશીઓ ઢોળી |
| (૪) મૂછોમાં બાલ એક ધોળો | (ડ) આંખોની આબરૂ ઢાંકી |

**સ. ૯.** **નીચેની કાવ્ય પંક્તિને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) આજે સપરમો દા'ડો નવાઈલાલ ! (૨) ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ !

(૩) નદીએ નાવણિયાં કરશું, નવાઈલાલ ! (૪) સિકલ તમારી છે ભોળી, નવાઈલાલ !

**સ. ૧૦.** **ઘેરૈયાની ટોળીના તોફાનનું વર્ણન તમારા શબ્દોમાં કરો.**

**સ. ૧૧.** **યોગ્ય વિશેષણ લખો :**

(૧) કલપ (૨) દા'ડો (૩) સિકલ (૪) દાંડી (૫) પોતડી

સ. ૧૨. વચન બદલો :

(૧) ટોપી (૨) દિવસ (૩) દહાડો (૪) પૈસો
(૫) ખાનું (૬) પાંદડું (૭) છોકરું (૮) વાત

સ. ૧૩. (અ) નીચેના પ્રમાણે ક્રિયાપદોના રૂપ લખો :

દા.ત. : 'કરવું' – • હું કરીશ – અમે કરીશું. • તું કરશે – તમે કરશો. • તે કરશે – તેઓ કરશે.

(૧) જવું (૨) ફરવું

(બ) નમૂના પ્રમાણે એકવચનમાં લખો : દા.ત. : તમે ચાલો – તું ચાલ

(૧) તમે માગો – (૨) તમે બેસો – (૩) તમે જાવ –

**સંભાષણ** ★ તમારા પ્રિય તહેવાર વિશે વર્ગના મિત્રોને કહો.

**પ્રકલ્પ** ★ ભક્ત પ્રહ્લાદ વિશે ચિત્રસહિત ચાર્ટ બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### દિવાળીના દીવા

દિવાળીના દીવે દીવે દિલના દ્વાર ખોલવા એ દિવાળીનો દિવ્ય અર્થ છે. દિવાળીમાં દિલની દોલત કે હૈયાના હિસાબ તપાસી સુંદર સરવૈયું કાઢવું એ દીવાનું રહસ્ય છે. દિવાળીના દિવસોમાં દ્વેષના દાવાનળને, વેરઝેરના વિષને દૂર કરી પ્રેમ પ્રકાશનાં પૂંજ પ્રગટાવવાના છે. અંતરમાં રહેલા અજ્ઞાનરૂપ અમાસનાં અંધારાં દૂર કરી પ્રેમની પૂર્ણિમા પ્રકાશિત કરવાની છે. દિવાળીના દિવસોમાં પુણ્યની પવિત્ર પ્રક્રિયા દ્વારા પાપ પંકનું પ્રક્ષાલન કરી અરિહંતના નાદે અંતરને જાગૃત કરવું જોઈએ.દિવાળીના પવિત્ર દિવસોમાં દુશ્મનોની દુશ્મનાવટ દૂર કરી, ભ્રાતૃભાવની ભવ્ય ભાવના કેળવવી જોઈએ.

દીપમાલાનો પ્રકાશ ફક્ત બહારની દુનિયાને જ પ્રકાશિત કરે છે, પણ એના દ્વારા અંતરમાં વર્તતો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતો નથી. એ અંધકાર દૂર થાય છે અંતરથી કરેલી ધર્મની આરાધનાની રોશનીથી, ધર્મ પ્રકાશ છે અધર્મ અંધકાર છે.

દિવાળીના દિવ્ય અર્થને, એના સારભૂત રહસ્યને, એના શુભ સંદેશને જે અનુસરે છે, તેઓ જ દિવાળીના દિવ્ય આનંદને માણી શકે છે. દિવાળીના દીવે દીવે સત્યનો પ્રકાશ જેને જણાય, સમજાય, અનુભવાય એવી દરેક વ્યક્તિને દિવાળીનું દિવ્ય દર્શન આંતર જ્યોતિ પ્રગટાવનારું બને છે. એના દિલનું દ્વાર દીપમાલાની રોશનીથી ઝગમગી ઉઠે છે.

8THPDQ

તહેવારો આપણા જીવનમાં શુદ્ધ પ્રાણવાયુ પૂરો પાડે છે.

# ૬. સાઈકલ સાથે મારો પ્રથમ દિવસ


**ડૉ. બળવંત તેજાણી**

ભાવનગરવાસી ડૉ. બળવંત માધાભાઈ તેજાણીનો જન્મ ૧-૮-૧૯૭૦ના રોજ થયો હતો. તેઓ શિક્ષક તરીકે સક્રિય હોવા ઉપરાંત અનેક સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. 'દર્શકની નવલકથાઓનાં નારીપાત્રો' પર ડૉક્ટરેટ કરનારા બળવંતભાઈએ ગુજરાતી ભાષાનું વ્યાકરણ અને કેળવણીનાં ૧૬ પુસ્તકોનું લેખન સંપાદન કર્યું છે. વિવિધ ગુજરાતી સામયિકોમાં લેખન કરે છે. તેમને 'ચિત્રકૂટ એવૉર્ડ-૨૦૧૭' અને 'ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ-૨૦૧૭'થી સન્માનિત કરાયા છે.


**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં આઠમાં ધોરણમાં ભણતા એક વિદ્યાર્થીના મનના ભાવવિશ્વનું અસરકારક અને હૃદયસ્પર્શી શબ્દોમાં વર્ણન કર્યું છે. પોતાની આર્થિક પરિસ્થિતિને કારણે આઠમાં ધોરણમાં આવ્યા પછી પહેલા સત્રમાં તો સરકારી બસમાં, છકડામાં કે પછી ક્યારેક ક્યારેક પગે ચાલીને પણ શાળામાં ગયા. પરંતુ બીજા સત્રના પ્રથમ દિવસે પોતાની સાઈકલ પર ઠાઠથી જવાના જે મનસૂબા ઘડ્યા હતાં, તે 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની જેમ કકડભૂસ થઈ ગયા હતા. લેખકના મનમાં આતુરતા પણ રહી નહોતી. તેથી તેમને જે વસવસો થતો હતો તેનું વર્ણન વાંચતા આપણે પણ ઘડીભર વિચાર કરતાં થઈ જઈએ છીએ. તેમાં પણ પોતાની સાઈકલ પર અન્યને આંટો મારવા નીકળેલો જોઈને તેમના મનની વ્યથા ચરમસીમાએ પહોંચે છે. ખરેખર આવા સમયે શું કરવું તેની સમજ પડતી નથી તેથી ચુમાઈને બેસી રહેવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી.

અંતમાં કાકાએ કરેલા પોતાની સાઈકલના વખાણથી લેખક સંતોષ અને શાંતિ અનુભવે છે.

દિવાળીને બેપાંચ દિવસની વાર હતી. પિતાજી એક સંબંધી પાસેથી ઉછીનાં નાણાં લઈને મારા માટે એક સાઈકલ લઈ આવ્યા હતા. 'એટલાસ'ની આ સાઈકલ આવતાંવેત જ મનમાં વસી ગયેલી. એકદમ ઘાટો કાળો રંગ, આગળ અને પાછળના પંખા પર 'સંતોષ' અને 'પુકાર' ફિલ્મનાં લટપટિયાં, આગળ હેન્ડલ ઉપર પણ સરસ મજાનું નાનું કેરિઅર અને ગમતા સૂર રણકાવતી ઘંટડી. આજે 'મોટરગાડી' વસાવતાં પણ જે આનંદ નથી આવ્યો, એ આનંદ ત્યારે આ સાઈકલે આપેલો. બસ હવે આ વૅકેશનમાં સાઈકલ શીખી જવાની ને પછી તો એયને બધાની સાથે જ આવવા જવાનું.

ગામમાં ધોરણ સાત સુધીની જ સગવડ. બાજુનું ગામ છ કિલોમીટર દૂર, ત્યાં હાઇ સ્કૂલની સગવડ ખરી. ધોરણ આઠથી દસના દસેક વિદ્યાર્થીઓ ત્યાં સાઈકલ પર ભણવા જાય. મારું પણ આઠમું ધોરણ શરૂ થયું. પણ સાઈકલ આ સત્રમાં તો નહીં જ આવે તેવી પૂરી સમજણ સાથેની શ્રદ્ધા હતી. સાઈકલથી વંચિત બે-ત્રણ સાથીઓ અમે બસમાં સ્કૂલે જતા. સાંજે પાછા વળતી વખતે તો સરકારી બસ મળી રહે પણ અગિયાર વાગે બસ ન મળે

એટલે છકડો કે એવું કશુંક મેળવવાનું રહેતું. એના માટે પાદર બેસવું પડતું. તોયે જો ન જ મળે તો સાઈકલવાળા કોઈક ક્યારેક અમારો હાથ પકડતા. ક્યારેક વળી જાતમહેનત ઝીંદાબાદ કરીને નીકળી જવામાં પણ ખાસ કંઈ મુશ્કેલી અનુભવાતી નહોતી પણ બીજાને રોજ સાઈકલ પર જોવાના રહેતા એટલે ઘરનું વાહન હોય તો મજા આવે એમ તો થતું જ. સત્ર માંડ માંડ પૂરું થયેલું.

બાપુજી દરરોજ બળદગાડું લઈને ખેતરે જાય. વળતે દિવસે જ સાઈકલ તેમાં ચડાવી. ખેતરની બાજુની ખુલ્લી જગ્યામાં મેં સાઈકલ શીખવાનું ઉદ્‌ઘાટન કર્યું. વહેલામાં વહેલી તકે સાઈકલ શીખી લેવી બસ એ જ એક માત્ર મારું લક્ષ્ય બની ગયું. પછી તો આખુંયે વૅકેશન બસ આજ ક્રમ રહ્યો. ધીરે ધીરે હું પળોટાતો જતો હતો. પછી તો સાઈકલની ગતિ સાથે જ એકબાજુથી ચડતાં પણ ફાવી ગયેલું. એનો આનંદ તો વળી ઓર જ હતો.

બસ, આવતી કાલે જ વૅકેશન ખુલતું હતું. મહાકવિ કાલિદાસના 'આષાઢસ્ય પ્રથમ દિને' વર્ણનની જેમ સાઈકલ સાથેના શાળાના પહેલા દિવસની મને આતુરતા હતી. પાછલા કેરિઅર નીચે ટિફિન બાંધવા માટે દોરીની ગૂંથણી પણ અનુભવી મિત્રને સાથે રાખી કરી લીધી હતી. સીંગતેલનાં ટીપાંય જરૂર નહોતી તોયે જ્યાં ત્યાં ઑઈલના વિકલ્પે મૂકી દીધાં હતાં. ઝીણવટપૂર્વક આખીયે સાઈકલ ઉપર પાણીવાળું પોતું ફેરવી દીધું હતું. ઘંટડીના અવાજને પણ તબલચીની અદાથી બરાબર સાંભળી લીધો હતો. બસ હવે તો કાલે સાડા નવે એય ને...

ધીરે ધીરે સાંજ પડી રહી હતી. વૅકેશન દરમિયાનની પાદરની છેલ્લી મુલાકાત સંકેલી ઘેર આવતો હતો. કાકાની કરિયાણાની દુકાન પાસેથી પસાર થયો. કાકાએ બોલાવ્યો :

'એ ભાઈ, કાલે કેટલા વાગે નિશાળે જવાનું છે?' ઉત્સાહમાં જ બોલી જવાયું, 'બસ સાડા નવ આસપાસ'.

'કાંઈ વાંધો નહીં મારે આવવું છે.' કહીને કાકાએ ઘરાક સંભાળ્યું. મેં મારી જાતને સંભાળી તોય આંખે અંધારાનું એક લખલખું પસાર થઈ ગયું. પહેલા દિવસે ગામ વચ્ચોવચ ટિફિન-દફતર સાથે નીકળવાનો 'ઠાઠ' કડડભૂસ થયો લાગ્યો. સાઈકલ પર બેસીને ગામની મુખ્ય બજારેથી જ નીકળવાના દિવસો જૂના મનસૂબાને મૂર્છિત થતો અનુભવાયો. તરત જ બુદ્ધિ વહારે ચડી :

'પણ કાકા, કાલે પહેલો દિવસ છે ને એટલે કદાચ થોડું વહેલું જવાનુંયે થાય.'


'કોઈ વાંધો નહીં, તું કહે ત્યારે હું તૈયાર બસ.' કાકા ઉવાચ.

મારા નિર્ણયોને આટલાં ઉદારતાથી લેનાર કાકાને હવે તો શું કહેવું?

હારેલા યોદ્ધાની અદાથી ઘેર આવ્યો. વાળુ કરવામાં ખાસ મજા ન આવી. 'કોઈ વાંધો નહીં, હજુ કાલે કદાચ કાકા ન પણ આવે.' મેં મને જ આશ્વાસન આપ્યું અને ઊંઘ આવી ગઈ.

સવારમાં જાગતાંવેંત સાઈકલનાં દર્શન કરી લીધાં. મનોમન હસી લીધું, પણ પાછું રાતનું અનુસંધાન જોડાઈ ગયું. બરાબર સવા નવે નિશાળિયો બની નીકળ્યો. પણ દુકાને આવ્યો ત્યાં કાકા મારી રાહે જ હોય એવું લાગ્યું.

બધો જ હરખ હૈયામાં ધરબીને સાઈકલનું સુકાન કાકાને સોંપ્યું. હું બીજાની સાઈકલ પાછળ બેસતો હોઉં એમ ખભામાં દફ્તર લટકાવી ઓશિયાળો થઈને કેરિઅર પર બેસી ગયો. સૌની સંગાથે જ ઘંટડીના તાલે હંકારી જવાના મનસૂબામાં પહેલે જ કોળિયે માખી આવી. વળી કાકાને તો કોઈની રાહે રહેવાનું ક્યાં હોય ! એટલે આજે તો બે-ત્રણ મિત્રો જે દરરોજ સાથે રહેતા તે પણ નહીં. આખા વૅકેશન દરમિયાનનો સાઈકલ સાથેનો વહેવાર વર્ણવવો પણ કોને ?



કાકા મને ખેંચતાં હતા એટલે તેઓ મૂંગા જ રહે; અને હું મારા વસવસાને કારણે મૂંગો હતો. વળી, એમને પણ સાઈકલ ચલાવવાની પૂરી કુશળતા નથી એવું પણ મને લાગ્યું. અને હું પણ એક બાજુ જ બેઠો હતો એટલે ઝડપથી ઉતરી જવાની અનુકૂળતા પણ મને હતી જ. છેક સુધી મને એક વિચારથી શાંતિ થતી હતી કે – સાંજ સુધી તો કાકા ક્યાં રોકાવાના છે. વળતી વખતે તો આપણે એકલા જ ને !

હાઈ સ્કૂલનો દરવાજો આવ્યો. હવે, દરવાજાની અંદર તો હું જ લઈ જવાનો ને. પણ મારી જેમ મૂંગા રહીને કાકાએ પણ કંઈક જુદું જ વિચારેલું હશે એટલે મને કહે, 'તારે રજા તો પાંચ વાગ્યે જ પડે છે ને. ત્યાં તો હું આવી જવાનો.' તેઓ મને પૂછે છે કે સ્વગત બોલે છે તે મારાથી નક્કી ન થઈ શક્યું. હું ઉતરી પડચો. 'લૂંટાઈ ગયો મારો લાખ ખજાનો' પંક્તિને ઝીરવી રહ્યો હોઉં એવી અવસ્થામાં મારો દરવાજામાં પ્રવેશ થયો. પ્રાર્થના તો તદ્દન યંત્રવત્ અવસ્થામાં મેં પૂરી કરી. વર્ગખંડમાં આજે પહેલી વખત ભણવાનું અકારું લાગ્યું.

માંડ બપોરની રિસેસ પડી. મિત્રોને મારી વ્યથા વહેંચતો-વહેંચતો હું રોડ પર આવ્યો. શરીરે સુખી એક સાઈકલસવાર સામેથી આવતો હતો. મારી દૃષ્ટિ તેના પર સ્થિર થઈ. સાઈકલ નજીક આવી અને મારી આંખે અંધારાં આવી ગયાં. એ સાઈકલ મારી જ હતી તે સવાર બિલકુલ મારા અજાણ્યા હતા. મેં મિત્રોને ઝડપથી વાત કરી.

'આ સાઈકલ તો મારી છે.' સહુ મારે વહારે ધાયા.

સાઈકલ ઊભી રાખવાને મિત્રોએ તેમને કહ્યું – 'એ ભાઈ, આ સાઈકલ તો આની છે. આજે જ તે સ્કૂલે લઈને આવ્યો છે. તેને આપી દો.'

તત્ક્ષણ તેઓ વદ્યા – 'સાઈકલ તો છે પદમશીભાઈની.'

મેં કહ્યું, 'હા, પણ મારા કાકા છે. અમે આ સાઈકલ પર જ આવ્યા.'

'તે આવ્યા હશો. ઈ ઇટાળિયા ગામે ગ્યા છે. સાઈકલ અમારે ઘરે મૂકી છે, તે હું આંટો મારવા નીકળ્યો.'

તેનો બાદશાહી જવાબ સાંભળી અમને સહુને દલીલ કરવાનું વ્યર્થ લાગ્યું. જે ઘંટડીને આજે મારે બજાવવાની હતી તેને ટ્રીન ટ્રીન કરતાંકને તેઓ તો વહેતા થયા. મારી આ સ્થિતિને કારણે તેમને વિશેષ આનંદ આવ્યો હોય એવું મને અનુભવાયું. પાછલા પંખા પર લટકતું 'સંતોષ' લટપટિયું મારો અસંતોષ વધારીને જાણે મારી મશ્કરી કરી રહ્યું હતું ! સૌએ મને આશ્વાસન આપ્યું. કોઈ સાથે ન હોત તો મારાથી રડી પડાયું હોત. 'સીમ સીમ ખુલ જા' બોલવાથી જો મોટી શિલા ખસી જતી હોય, તો આ સાઈકલને ફરતી બંધ કરવાનો કોઈ મંત્ર નહીં હોય?

ભારે હૈયે ફરી વર્ગખંડમાં પ્રવેશ્યો. પણ મારો તાર તો સાઈકલ સાથે જ જોડાયેલો હતો. છ મહિનાથી જે દિવસની પ્રતીક્ષા હતી, તે દિવસે જ મારે આટલું સહન કરવું પડશે એની તો મને કલ્પનાયે ક્યાંથી હોય?

રિસેસ પછીથી રજા સુધીનો દોઢ કલાક હું વર્ગખંડમાં માત્ર શારીરિક રીતે જ હાજર હતો. મને કેટકેટલા વિચારોએ ઘેરી લીધેલો : 'આટલો જાડિયો માણસ મારી સાઈકલની રિંગ તો નહીં વાળી દે ને ? ટોકરીની જરૂર નહોતી તોયે વગાડ્યા કરતો'તો, બગાડી તો નહીં નાખે ને? ગમે તેમ ચલાવતો હતો. કદાચ પંક્ચર પણ પાડી દે.' કાકાના સ્નેહ-આદર ઉપર પણ ઘડીભર કડવાશ ફરી વળી. એમનેય આજે જ સૂઝયું. કાલે નહોતું અવાતું. 'આ મોટાં મોટાં વાહનના માલિકો પોતે તેને કેમ નહીં ચલાવતાં હોય? ડ્રાઇવરને હાંકવા દેતા એનો જીવ કેમ ચાલતો હશે?

આ કલ્પનામાં વળી મારું ઇતિહાસજ્ઞાન પણ મદદમાં આવ્યું. મારી સાઈકલ તો આજના દિવસ પૂરતી જ મારી પાસે નથી, પણ સિદ્ધરાજે પસંદ કરેલી રાણકદેવી જૂનાગઢના રાજા રાખેંગારની કાયમી રાણી બની હશે ત્યારે સિદ્ધરાજની મનઃસ્થિતિ કેવી થઈ હશે? પ્રિય વસ્તુનો વિયોગ કેટલો આકરો હોય તેના અનુભવમાંથી આજે ખુદ હું પસાર થઈ રહ્યો હતો. પહેલા સત્રમાં કવિ કાન્તનું 'ચક્રવાકમિથુન' ભણેલા તેની પંક્તિઓ સ્મરણે ચડી :

*'લાંબા છે જ્યાં દિન પ્રિય સખી, રાત્રિએ દીર્ઘ તેવી...'*

શાળાનો પહેલો જ દિવસ હતો એટલે એક તાસ વહેલી રજા પડી. રજાનો બેલ પડ્યો અને અચાનક વર્ગ સાથે મારું સંધાન થયું. ઝડપથી દરવાજે તો આવ્યો, પણ હજી ક્યાં પાંચ વાગ્યા હતા? આનંદ સાથે ઘંટડીઓ રણઝણાવતા સૌ દરવાજા બહાર નીકળી રહ્યા હતા. બધાના મુખ પરનો આનંદ આજ જાણે મારી પીડા વધારી રહ્યો હતો. ધીરે ધીરે બધા જ વિદાય થઈ ચૂક્યા હતા. પાંચ ને પાંચ મિનિટનો સુમાર થયો. મારી નજર છેક શેરીના ખૂણે સ્થિર થઈ ગઈ હતી. કાકાને દૂરથી આવતા જોયા ને હું ટટ્ટાર થયો. સાઈકલનો આખા દિવસનો વિરહ ધીરે ધીરે ઓગળવા માંડ્યો. દિવસ આખો પોતાની માથી વિખૂટું પડેલું વાછરડું જેમ માના મિલાપ સાથે જ, આખા દિ'ની વેદના વિસરી જાય, તેમ હું પણ મનમાં હરખાઈને સાઈકલ પર ગોઠવાઈ ગયો. કાકાએ મારી રોઝડીને હંકારી મૂકી.

ગામમાં આવીને સાઈકલ મને સોંપતી વખતે એમણે કહ્યું,'બેટા, તારી સાઈકલ પાણીના રેલા જેવી છે. હેલીકોપ્ટરની જેમ ઘડીવારમાં બેયને લાવી દીધા.' એમના કહેલા શબ્દોથી તે રાત્રી મને જે ઊંઘ આવી છે....!

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં 'શાળામાં મારો પ્રથમ દિવસ' વિષય પર ચર્ચા કરવી. તેના આધારે કોઈપણ બાબતમાં 'પ્રથમ દિવસ'ની જે આતુરતા હોય, તત્પરતા હોય તેની વાત કરી પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરવી. લઘુપ્રશ્નો પૂછી પૂછીને વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરવું, સાઈકલનો ઉપયોગ કરવાથી થતા ફાયદાઓ વિશે ચર્ચા કરવી. પોતાની વસ્તુ અન્ય કોઈ વાપરે ત્યારે આપણા મનમાં કેવા કેવા વિચારો ઘોળાયા કરે છે તેની વાત કરી સારા વિચારો માટે પ્રેરિત કરવા. વડિલો પ્રત્યે આદર કેળવવાની પણ પ્રેરણા આપવી. અને બીજાએ આપણામાં વિશ્વાસ મૂકી આપણે ત્યાં રાખેલી વસ્તુની કાળજી પોતાની વસ્તુની કાળજી કરતાં પણ વધારે રાખવી જોઈએ તેની સમજ આપવી. વિદ્યાર્થીઓ પાસેથી તેમના જીવનના કોઈ યાદગાર પ્રસંગો જાણવાનો પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) નીંદર (૨) લડવૈયો (૩) હેતુ (૪) ગ્રાહક
(૫) ઈરાદો (૬) દિલાસો (૭) વિયોગ (૮) મેળાપ

**સ. ૨. ઊલટો અર્થ દર્શાવતો શબ્દ લખો :**

(૧) આદર (૨) સગવડ (૩) પ્રથમ (૪) અનુભવી
(૫) ઝિંદાબાદ (૬) ઉદાર (૭) ઉત્સાહ (૮) મૂંગા

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (પાઠના આધારે)**

(૧) સાંજ પછીનું - રાતનું ભોજન-
(૨) ચારથી વધુ માણસો બેસી શકે તેવું વાહન-
(૩) બે કે વધારે વસ્તુઓમાંથી ગમે તે એક પસંદ કરવાની છૂટ -
(૪) કાર્ય સિદ્ધ ન થતાં મનમાં થતો ઉદ્વેગ-

**સ. ૪. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ શોધો :**

(૧) મનમાં વસી જવું (૨) પળોટાઈ જવું (૩) વહારે ચડવું
(૪) આંખે અંધારા આવવા (૫) અકારું લાગવું (૬) ઓશિયાળા થવું

**સ. ૫. ઉપરના સિવાય પાઠમાં આવતા અન્ય પાંચ રૂઢિપ્રયોગો શોધીને લખો.**

**સ. ૬. લખો :**

(૧) લેખક માટે સાઈકલ લાવનાર -
(૨) લેખકના કાકાનું નામ -
(૩) લેખક સાથે સાઈકલ પર પ્રથમ દિવસે જનાર -
(૪) રાજા રાખેંગારની રાણી -
(૫) લેખકના કાકા જે ગામે ગયા હતા તે ગામનું નામ -
(૬) લેખકની સાઈકલને અપાયેલું ઉપનામ -

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી અધૂરા વિધાન પૂર્ણ કરો.**

(૧) રિસેસ પછી લેખક વર્ગખંડમાં માત્ર શારીરિક રીતે જ હાજર રહી શક્યા. કારણ કે _____________

(અ) તેઓ કાકાના જ વિચાર કરતા હતા (બ) વાહનોના માલિકના વિચાર આવતા હતા

(ક) પોતાની સાઈકલ બાબતના અનેક વિચારોએ તેમને ઘેરી લીધા હતા

(૨) લેખકને એક કલાક વહેલી રજા પડી ગઈ. કારણ કે _____________

(અ) શાળામાં ઉત્સવ ઉજવાયો હતો (બ) વૅકેશન પછી શાળાનો પહેલો જ દિવસ હતો

(ક) શાળામાં પરીક્ષા ચાલુ હતી

(૩) લેખક સાઈકલ પર મૂંગા જ બેસી રહ્યા હતા. કારણ કે _____________

(અ) તેમને વસવસો હતો (બ) કાકાએ તેમને બોલવાની ના પાડી હતી

(ક) તેમને પડી જવાનો ડર લાગતો હતો

(૪) સાઈકલ સાથેના શાળાના પહેલા દિવસની આતુરતા માટેની ઉપમા આપી છે _____________

(અ) કવિ કાન્તના 'ચક્રવાકમિથુન'ની પંક્તિની (બ) લૂંટાઈ ગયો મારો લાખ ખજાનો પંક્તિની

(ક) મહાકવિ કાલિદાસના 'આષાઢસ્ય પ્રથમ દિને'ની

**સ. ૮. સમજીને લખો :**

(૧) સાઈકલનું વર્ણન – (૨) સાઈકલ લેખકને સોંપતી વખતે કાકાએ કહેલાં બે વાક્યો –

(૩) રિસેસમાં પોતાની સાઈકલ પર અન્ય સવારને જોઈને લેખકના મનમાં ઘેરાઈ ગયેલા વિચારો –

**સ. ૯. નીચેના વાક્યોને ઘટનાના ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) પહેલા દિવસે લેખક કાકા સાથે સાઈકલ પર ગયા. (૨) લેખકના કાકા ઈટાળિયા ગામે ગયા.

(૩) લેખકના પિતા સાઈકલ લઈ આવ્યા. (૪) લેખક સાઈકલ ચલાવતા શીખી ગયા.

**સ. ૧૦. સાઈકલ નહોતી ત્યારે લેખક નિશાળે કેવી રીતે જતા –આવતાં તે તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧. યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) એ ભાઈ કાલે કેટલા વાગે નિશાળે જવાનું છે (૨) એ ભાઈ આ સાઈકલ તો આની છે

(૩) સાઈકલ અમારે ઘરે મૂકી છે તે હું આંટો મારવા નીકળ્યો (૪) બેટા તારી સાઈકલ પાણીના રેલા જેવી છે

**સ. ૧૨. નીચેનાં વાક્યોમાં આવતા શબ્દોનું વર્ગીકરણ કરી આપેલા કોઠામાં લખો.**

(૧) બાપુજી દરરોજ બળદગાડું લઈને ખેતરે જાય. (૩) ધીરે ધીરે બધા જ વિદાય થઈ ચૂક્યા હતા.

(૨) મિત્રોને મારી વ્યથા વહેંચતો વહેંચતો હું રોડ પર આવ્યો. (૪) હું આખા દિ'ની વેદના વિસરી ગયો.

| નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાપદ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

સ. ૧૩. નીચેના વાક્યોનું ગુજરાતી ભાષાંતર કરો :

(૧) Sit on this chair.
(૨) Seeta and Geeta went to the market.
(૩) Teacher is teaching us Gujarati.
(૪) Gopal was sleeping yesterday.
(૫) I will go Mumbai with my father.
(૬) We are playing in the garden.
(૭) Girls were dancing.
(૮) I am watching T.V.
(૯) He works in a factory.
(૧૦) Where did she go ?
(૧૧) At what time shop closes ?
(૧૨) I will give him nice gift.
(૧૩) Jimit wanted to go to the museum.
(૧૪) The crow is flying.
(૧૫) Tomorrow will be holiday in the school.

**સંભાષણ** ★ 'સાઈકલ'નો ઉપયોગ કરવાથી થતા ફાયદાઓ વિશે સમૂહમાં ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'પ્રદૂષણ દૂર કરવાનો એક શ્રેષ્ઠ ઉપાય સાઈકલનો ઉપયોગ કરવો તે છે.' આ બાબત લોકોમાં જાગૃતિ લાવવા તમે જે જે પ્રયત્નો કરી શકો તે ટૂંકમાં લખીને એક ભીંતપત્રક બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વારસો

એક વૃદ્ધ મરણપથારી ઉપર હતા. તેમણે પોતાના પુત્રને પોતાની પાસે બોલાવ્યો.

પછી વૃદ્ધ કહે : 'બેટા, હું ગરીબ રહ્યો. તારે માટે પાછળ મૂકી જવા સારુ મારી પાસે કાંઈ મૂડી નથી. પણ મારા બાપે મને જે આપ્યું હતું તે આજે હું તને આપતો જાઉં છું. જિંદગીભર તું તેને સાચવજે. જ્યારે તને ક્રોધ ચડે ત્યારે ચોવીસ કલાક પહેલાં તું તેનો જવાબ વાળતો નહીં. ચોવીસ કલાક વીત્યા બાદ તું જવાબ આપી શકે. બસ આટલી 'મૂડી' હું તને વારસામાં આપતો જાઉં છું.'

પિતાએ આપેલી 'મૂડી' દીકરાએ જીવ્યો ત્યાં સુધી સાચવી. આથી તે ઘણું કમાયો. તેને જીવનમાં ઘણાં અપમાન સહન કરવાં પડ્યાં. ક્રોધ ચડે એવા અનેક સંજોગો વારંવાર ઊભા થયા; પણ પિતાનાં વચનો યાદ રાખી પુત્રે પરિસ્થિતિ સંભાળી લીધી. સામી વ્યક્તિને તે શાંતિથી કહેતો કે, 'આનો જવાબ હું તમને ચોવીસ કલાક બાદ આપીશ.' ચોવીસ કલાક બાદ એના મનમાં પેદા થયેલો રોષ, વેરની ભાવના ઇત્યાદિ આપમેળે ઓગળી જતાં. પછી એ આખો પ્રસંગ એને એટલો તો નજીવો લાગતો કે અપમાનનો બદલો વાળવા તે પાછો પેલી વ્યક્તિ આગળ કદી જતો નહીં. આમ કરતાં તેના હૃદયમાંથી બધો ક્રોધ અદૃશ્ય થતો. તેનું હૃદય સ્વચ્છ બની જતું. એ છોકરો મોટો થતાં ગુર્જેફ નામે મોટા જ્ઞાની પુરુષ તરીકે ઘણી ખ્યાતિ પામ્યો.

– બેપ્સી એન્જિનિયર

8TRKFD

સાઈકલ વાપરો, પ્રદૂષણ નિવારો.

# ૭. માણસ છે.

### કૃષ્ણ દવે

તેમનો જન્મ ૪ સપ્ટેમ્બર, ૧૯૬૩ના રોજ અમરેલી જિલ્લાના દિતલા ગામે થયો હતો. બી.એ. સુધીનો અભ્યાસ કરી હાલ તેઓ અમદાવાદ ખાતે રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયામાં કાર્યરત છે. તેમના 'પ્રહાર' તથા 'વાંસલડી ડોટ કોમ' કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. તેમણે 'ભોંદુભાઈ તોફાની' નામે બાળકાવ્યોનો સંગ્રહ પણ આપ્યો છે. આ સંગ્રહના કાવ્યોની ઓડિયો સીડી તથા કેસેટ્સ પણ તૈયાર થઈ છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી તેમને વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં પ્રકૃતિના તત્વોનો કમાણીના સાધન તરીકે ઉપયોગ કરનારા સ્વાર્થી-બીઝનેસમેનનું વર્ણન કરવામાં આવ્યું છે. કમાણી કરવા માટે કોઈપણ તકને ઝડપી લેવામાં કુશળતા દાખવતા માણસો તકસાધુ બનીને પોતાનો સ્વાર્થ સાધી લે છે. આવા બીઝનેસમેન તરફ કટાક્ષ કરતાં કવિ કહે છે કે, ઝાકળના પાઉચ બનાવે છે, અજવાળાનો સંગ્રહ કરી સૂરજને બ્લોક કરવાની તાકાત બતાવી પોતે તડકો થઈને વ્યાપી જાય છે.

સંબંધોને માપી-તોલીને રાખે છે. ચહેરા પર હાસ્ય બતાવતા માણસને લાગણી સાથે સ્નાન-સૂતકનો પણ સંબંધ હોતો નથી. પંખીઓના કલરવનું રેકોર્ડિંગ કરીને તેની પણ વેપારીબુદ્ધિથી આવક કરવા તૈયાર થઈ જાય છે.

હસતાં હસતાં પણ જયાં-જયાંથી લાભ મળે ત્યાં ત્યાંથી તે લાભ મેળવી લે છે. આકાશને પોતાની માલિકી દર્શાવી સૂરજ, ચંદ્ર, તારા અને વાદળો પણ ધંધાની એરણે ચડાવી દે છે. લાગણીઓના શૂન્યાવકાશમાં પણ મનુષ્ય પોતાનો જ લાભ લઈ લેવાની કુનેહ ધરાવે છે.

પતંગિયાની પાંખો છાપે, માણસ છે, બીઝનેસ કરે છે.
ઝાકળ પણ પાઉચમાં આપે, માણસ છે, બીઝનેસ કરે છે.

અજવાળાનો સ્ટોક કરીને, સૂરજને પણ બ્લોક કરીને,
પોતે તડકો થઇને વ્યાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

સંબંધોની ફાઇલ રાખીને ચહેરા પર સ્માઇલ રાખીને,
લાગણીઓ લેસરથી કાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

શબ્દ, શબ્દને વાટી વાટી, અર્થોનું કેમિકલ છાંટી,
જળમાં પણ ચિનગારી ચાંપે, માણસ છે, બીઝનેસ કરે છે.

કલરવને પણ ટેપ કરીને, કંઠ ઉપર પણ રૅપ કરીને,
માંગો તે ટહૂકા આલાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ફૂંક લગાવી હસતા હસતા
જયાંજયાંસળગેત્યાંત્યાંતાપે,માણસછે,બીઝનેસકરેછે.

પોતાનું આકાશ બતાવી, સૂરજ, તારા ચન્દ્ર ગણાવી.
વાદળ ફૂટપટ્ટીથી માપે, માણસ છે, બીઝનેસ કરે છે.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં જુદાજુદા વ્યવસાયોની વાત કરીને બીઝનેસમેનનો વિસ્તૃત પરિચય આપવો. કેવા પ્રકારના બીઝનેસ થાય છે તેની ચર્ચા કરવી. ત્યારપછી તાંત્રિક યુગના યાંત્રિક માણસો કુદરતી તત્ત્વોને કમાણીનું સાધન બનાવી શકે છે. તે વાત કરી કાવ્યના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી લઘુપ્રશ્નો પૂછીને કાવ્યમાં પ્રસ્તુત બીઝનેસનું સ્પષ્ટીકરણ કરવું. વ્યાવસાયિક માનવીઓની બુઠ્ઠી બની ગયેલી લાગણી વિશે વાત કરી કુદરતી તત્ત્વોની જાળવણી માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી સંબંધોના સરવાળા અને લાગણીઓના ગુણાકાર કરવા યોગ્ય દૃષ્ટાંતો આપવા. પશુ, પંખી, જળ, જીવજંતુ, સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષ વગેરેના જતન માટેના ઉપાયોની ચર્ચા કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કુદું (૨) ઓસ (૩) રવિ (૪) વદન
(૫) તણખો (૬) લોખંડ (૭) શશી (૮) વ્યોમ

**સ. ૨. વિરોધી અર્થ દર્શાવતો શબ્દ લખો :**

(૧) અંધારું (૨) ધરતી (૩) ઈચ્છા (૪) આકર્ષક

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) શિયાળાની સવારે પાંદડાં પર પડેલા જળના બિંદુ – (૨) પંખીઓનો મધુર ધ્વનિ –
(૩) આકાશમાં એકઠો થયેલો વરાળનો સમૂહ – (૪) મોંથી ફૂંકાયેલો પવન –

**સ. ૪. કાવ્યમાં ઉલ્લેખાયેલા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો અને તેની સામે ગુજરાતી શબ્દ લખો.**

**સ. ૫. નીચેના શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો :**

સૂરજ ચકમક પતંગિયું અજવાળું લાગણી કલરવ શબ્દ માણસ ટહુકો વાદળ

**સ. ૬. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધો.**

સ. ૭. **યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્યો ફરીથી લખો :**

(૧) માણસ અજવાળાનો સ્ટોક કરીને __________________

(અ) વેબસાઈટને બ્લોક કરે છે (બ) ચંદ્રને બ્લોક કરે છે (ક) સૂરજને બ્લોક કરે છે

(૨) માણસ સૂરજ, તારા, ચંદ્ર ગણીને __________________

(અ) આકાશ ફૂટપટ્ટીથી માપે છે (બ) વાદળ ફૂટપટ્ટીથી માપે છે (ક) ધરતી ફૂટપટ્ટીથી માપે છે

(૩) જયાં જયાં કંઈ સળગતું હોય ત્યાં ત્યાં માણસ __________________

(અ) પોતે તાપે છે (બ) આગ ઓલવે છે (ક) ફૂંક મારે છે

સ. ૮. **ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો :**

(૧) ઝાકળ પણ __________ માં આપે.

(૨) જળમાં પણ __________ ચાંપે.

(૩) માંગો તે __________ આલાપે.

(૪) પોતે તડકો થઈને __________ .

(૫) __________ લેસરથી કાપે.

સ. ૯. **અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) માણસ એવો વેપારી થઈ ગયો છે કે તે અજવાળાનો સંગ્રહ કરીને પછી સૂરજને પણ બ્લોક કરી દઈ પોતે તડકો બનીને ચારે બાજુ વ્યાપી જાય. પરંતુ એનું કુદરત પાસે કંઈજ ચાલતું નથી.

(૨) પંખીઓના કલરવને ટેપ કરી લઈ તેને પોતાના કંઠમાં આરોપી લઈ પછી લોકોની અપેક્ષા પ્રમાણે પંખીના ટહુકા પોતે આલાપતો હોય તે રીતે બીઝનેસ કરતાં પણ માણસ વિચારતો નથી.

સ. ૧૦. **નીચેની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) વાદળ ફૂટપટ્ટીથી માપે, માણસ છે, બીઝનેસ કરે છે.

(૨) પતંગિયાંની પાંખો છાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

(૩) ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ફૂંક લગાવી હસતા હસતા.

(૪) શબ્દ, શબ્દને વાટી વાટી, અર્થોનું કેમિકલ છાંટી.

સ. ૧૧. **પ્રસ્તુત કાવ્યનો સાર ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.**

સ. ૧૨. **આપેલ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**

(૧) મહા + આલય = __________

(૨) સૂર્ય + __________ = સૂર્યાસ્ત

(૩) __________ + અર્થી = વિદ્યાર્થી

(૪) વિદ્યા + __________ = વિદ્યાભ્યાસ

સ. ૧૩. **નીચેના વાક્યોમાંથી વિશેષણ શોધો :**

(૧) અમે આઠ મિત્રો મેળામાં ગયા.

(૨) ગુજરાતી ભાષા સમૃદ્ધ છે.

(૩) અભણ માણસ વાંચી શકતા નથી.

(૪) સૂર્યનો આકરો તાપ સહન થતો નથી.

(૫) પતંગિયાંની રંગબેરંગી પાંખો મને ગમે છે.

**સંભાષણ** ★ નીચેના શબ્દો વિશે ચર્ચા કરી તેના અર્થ સમજો.

(૧) સંગ્રહખોર (૨) તફડંચી (૩) તકસાધુ (૪) નકલખોર

**પ્રકલ્પ** ★ તમારા કુટુંબનું વંશવૃક્ષ તૈયાર કરી તમારા દાદા-દાદીને ભેટ આપો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વ્યસન મુક્તિ

એક ખેડૂતની વાત છે. શરીરે લઠ. ઘેર બે સારા બળદ રાખે. જમીન પણ સારી. સવારે વહેલો ઊઠી બળદ લઈ કૂવે જાય. આખો દિવસ કોસ હાંકે, પણ સાંજે જઈને જુએ તો ક્યારામાં પાણી જ પહોંચ્યું ન હોય ! કેમ કે કોસ કાણો હતો. બહુ દોડધામ કરે, પણ ભરેલો કોસ થાળામાં આવતાં આવતાં તો કાણાં વાટે ચૂઈ જાય. સાંજ પડતાં ખેડૂત ને બળદ થાકીને લોથપોથ થઈ જાય.

ત્યારે કરવું શું ? ખેડૂતે દોડધામ કરવી કે કાણાં પૂરવાં ? દેખીતી વાત છે કે જ્યાં સુધી કોસ કાણો હોય ત્યાં સુધી બળદને ઉતાવળા હાંકવાનો કશો જ અર્થ નથી. કાણાં પૂરવામાં આવે, તો જ કોસ ભરેલો આવે ને ખેતરમાં પાણી પહોંચે.

આજે આપણી દશા આ ખેડૂત જેવી છે. આપણી આવકનેય કાણાં પડ્યાં છે. એટલે મહેનત કરીને મેળવેલું ચા, બીડી, પાનસોપારી, તમાકુ, દારૂ, અફીણ વગેરે વ્યસનો તથા મોજશોખમાં વ્યર્થ વપરાઈ જાય છે.

સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. કઈ ચીજો ખરેખર જરૂરી છે અને કઈ બિલકુલ બિનજરૂરી છે, તેનું આપણને જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણાં પૂરાશે, અને આપણી મહેનત નાહક ઢોળાઈ જતી અટકશે. નહીં તો બળદિયાની જેમ કોસ ખેંચ્યે રાખીશું પણ પાણી ભેળા નહીં થઈએ.

– રવિશંકર મહારાજ

8U1GH1

ધંધામાં બરકત પ્રામાણિકતાથી જ આવે.

# ૮. ચાલો, વાપરીએ સૌર ઊર્જા

**નટવર પટેલ**

તેમનો જન્મ ૧૭ નવેમ્બર, ૧૯૫૦ના રોજ કડી તાલુકાના કાસવા ગામે થયો હતો. તેઓ અમદાવાદની એચ.કે.પ્રા.ટ્રેનિંગ કૉલેજમાંથી અધ્યાપક તરીકે કાર્યરત રહી ચૂક્યા છે. તેમના 'તલ્લક છાંયો' મીઠા ટહુકા – બાળકાવ્ય સંગ્રહ ઉપરાંત બાળનાટકો, બાળવાર્તા, એકાંકી, લઘુકથા વગેરે સાહિત્ય પ્રકારના પુસ્તકો પ્રકાશિત થયા છે. સામાજિક વાર્તાઓનો વાર્તાસંગ્રહ પણ તેમણે આપ્યો છે. તેમને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના વિવિધ પારિતોષિકો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત પાઠમાં કુદરતી ઊર્જા સ્ત્રોત જે અખૂટ છે તે સૌર ઊર્જાની વાત કરવામાં આવી છે. જે આજના સમયની તાતી જરૂરિયાત છે. વળી નાટક – સંવાદરૂપે સૂર્યકૂકરની વાત આપી હોવાથી તે અસરકારક બની છે. સૌર ઊર્જા વાપરવાથી બળતણની જરૂર ન પડે, પ્રદૂષણ ફેલાય નહિ અને ઉપરથી સસ્તુ અને વળી ખૂટવાનો તો ભય જ નહિ. સૂર્યકૂકર ઉપરાંત સૌરઊર્જાથી ચાલતા અન્ય ઉપકરણોની વાત પણ અહીં કરવામાં આવી છે. આપણે સૌએ પણ આ સોલાર શક્તિનો પર્યાપ્ત ઉપયોગ કરવો જોઈએ.

**દિનકરમામા** : અરૂણ, કિરણ શું કરો છો ?

**અરૂણ** : મામા, અમે કબાટ ગોઠવીએ છીએ. બોલો, શું કામ છે ?

**દિનકરમામા** : સરસ, મમ્મીને મદદ કરો છો ? પણ તે હવે રહેવા દો આપણે આજે સવિતામાસીને ત્યાં જવાનું છે.

**કિરણ** : સવિતામાસીને ત્યાં ? શા માટે ?

**દિનકરમામા** : આજે પ્રકાશનો જન્મદિવસ છે. માસીએ આપણને સૌને બોલાવ્યાં છે.

**અરૂણ** : ચાલો, ચાલો તૈયાર થઈ જાવ. બહુ મજા પડશે.

(બધાં સવિતામાસીને ઘરે ગયાં. કેક કપાયા બાદ સવિતામાસીએ ચા અને ઢોકળાનો નાસ્તો આપ્યો.)

**દિનકરમામા** : સવિતા, ઢોકળાં તો બહુ સરસ બન્યાં છે ને ! આવાં ઢોકળાં તો આ પહેલાં કોઈ દિવસ ખાધાં નથી.

**સવિતામાસી** : હા, ભાઈ. ઢોકળાં તો સરસ જ થાય ને ! સૂર્યકૂકરમાં બનાવેલાં છે ને એટલે.

**કિરણ** : માસી, સૂર્યકૂકર ! સૂર્યકૂકર કેવું હોય ?

**અરૂણ** : હા, હા માસી, બતાવોને, સૂર્યકૂકર કેવું હોય ?



(સવિતામાસી અરૂણ અને કિરણને રસોડામાં લઈ જાય છે.)

**સવિતામાસી** : આ છે સૂર્યકૂકર.

**કિરણ** : કૂકર, અને તે પેટી જેવું ?

**સવિતામાસી** : હા, આ એક પેટી જેવું કૂકર છે. તેમાં ઉપર પરાવર્તક કાચ છે અને તેની અંદરની સપાટી કાળા રંગથી રંગેલી છે અને આ નીચેના ભાગમાં રાંધવાના ડબા, રાંધવાની વસ્તુ ભરીને મૂકવાના હોય છે.

**કિરણ** : માસી, આમાં રાંધવાના ડબા ભરીને પછી તેને ગેસ પર મૂકવાનું ?

**સવિતામાસી** : (હસીને) ના રે ના, આમાં બળતણની તો જરૂર પડે જ નહીં. ધાબા પર સૂરજના તડકામાં આ કૂકરને મૂકી દેવાનું. એટલે સૂરજની ગરમીથી જ અંદરનો ખોરાક રંધાઈ જાય. આને 'સોલર કૂકર' પણ કહેવાય.

**કિરણ** : માસી, આમાં ભજિયાં પૂરી વગેરે તળી શકાય ?

**સવિતામાસી** : (હસીને) ના બેટા, આમાં કોઈ પણ વસ્તુ તળી ન શકાય.

**કિરણ** : માસી, તો આમાં શું શું રાંધી શકાય ?

**સવિતામાસી** : આમાં દાળ, ભાત, કઠોળ, શાકભાજી, ઈડલી, ઢોકળાં, પાઉં, બિસ્કીટ, કેક વગેરે બનાવી શકાય.

**અરૂણ** : તો તો માસી આમાં ધુમાડો તો નહીં થતો હોય ને ?

**સવિતામાસી** : હા, સાચી વાત. આમાં ધુમાડો ન થાય.

**અરૂણ** : વાહ, તો તો આ સૂર્યકૂકર કેવું સારૂં ! જેમાં ગેસની કે બળતણની જરૂર ન પડે, ધુમાડો ન થાય અને વળી સસ્તું પણ ખરૂં.

**દિનકરમામા** : તો હવે આપણે પણ આવું કૂકર વાપરીશું.

| | | |
|---|---|---|
| **અરૂણ** | : | ફક્ત આપણે ઘરે જ નહીં, હું તો બીજાં બધાંને પણ સૂર્યકૂકર વાપરવાનું કહીશ જેથી રાષ્ટ્રની સંપત્તિની બચત થાય અને પ્રદૂષણ ન ફેલાય. |
| **કિરણ** | : | હા, હા, સાચી વાત હું પણ મારી બહેનપણીઓને કહીશ. |
| **સવિતામાસી** | : | અરૂણ, કિરણ તમારી વાત સાંભળી મને ખૂબ આનંદ થયો. આજે પ્રકાશના જન્મદિવસે આપણે સૌર-ઊર્જાનું ગીત ગાઈએ. |

(બધાં સાથે મળીને ગાય છે.)

*સૂર્યમાંથી મળતી ઊર્જા, સૌર-ઊર્જા કહેવાય.*
*જુદાં જુદાં સાધનમાં એ, ઉપયોગમાં લેવાય... સૂર્ય...*
*સોલર કૂકર, વોટર હીટર, એથી તો ચલાવાય.*
*સોલર ડ્રાયર ને વોટર પંપ, જુઓ સઘળે વપરાય... સૂર્ય...*
*સોલર સેલથી કેલ્ક્યુલેટર, ચાલતું આ જણાય.*
*કાંડા ઘડિયાળ એવા જ એ, આજ ખૂબ વખણાય... સૂર્ય...*
*સૌર-ઊર્જા છે સસ્તી ઊર્જા, એનો જથ્થો ભારી કહેવાય.*
*વાપરતાં એ આ જીવનમાં, સુખી સૌને થવાય... સૂર્ય...*

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત નાટકનું અધ્યાપન કરાવતા પહેલા આપણી રાષ્ટ્રીય સંપત્તિ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. તે વખતે તેની જાળવણી માટે સતત પ્રેરણા આપવી. બળતણની વધતી જતી સમસ્યાનું નિરાકરણ કરવા શક્તિના અખૂટ સ્ત્રોત સમી સૂર્યશક્તિનો ભરપૂર ઉપયોગ કરવા અને કરાવવા પ્રોત્સાહન આપવું.

સૌર ઊર્જાનો ઉપયોગ કરવાથી થતાં ફાયદાઓ વિશે ચર્ચા કરવી. અને સૌર ઊર્જાથી ચાલતા વિવિધ ઉપકરણો વિશે પણ પ્રશ્નોત્તર કરી સમગ્ર વિષયવસ્તુની છણાવટ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) અગાસી (૨) મિલકત (૩) સખી (૪) વર્ષગાંઠ
(૫) અલ્પાહાર (૬) ઇંધણ (૭) ઉપકરણ (૮) સોંઘું

**સ. ૨.** **વિરોધી અર્થ દર્શાવતો શબ્દ લખો :**

(૧) અંધકાર (૨) સોંઘવારી (૩) ખર્ચ (૪) ઠંડી

**સ. ૩.** **નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો :**

(૧) પ્રદૂષણ (૨) બળતણ (૩) ઊર્જા (૪) જથ્થો

સ. ૪. **અનુસ્વારથી થતાં અર્થભેદ લખો : દા.ત. :** હોશ - ભાન; હોંશ - ઉમંગ, ઈચ્છા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નદી - _____ | નંદી - _____ | | (૨) | બગલો - _____ | બંગલો - _____ | |
| (૩) | સત - _____ | સંત - _____ | | (૪) | તત્ર - _____ | તંત્ર - _____ | |
| (૫) | યત્ર - _____ | યંત્ર - _____ | | (૬) | ઢગ - _____ | ઢંગ - _____ | |
| (૭) | મદ - _____ | મંદ - _____ | | (૮) | દાડો - _____ | દાંડો - _____ | |

સ. ૫. **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવેલો પદાર્થ - (૨) પરાવર્તન કરે તેવું -


(૩) કોઈપણ વસ્તુનો છેક ઉપરનો સપાટ પથરાયેલો પૃષ્ઠભાગ - (૪) ધુમાડો થાય તેવી ધૂણી -

(૫) બચાવેલી રકમ -


સ. ૬. **સૂર્ય ઊર્જાથી ચાલતા ઉપકરણોના નામ લખો.**

સ. ૭. **આકૃતિ પૂર્ણ કરો :**

(૧)




(૨)




સ. ૮. **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) માસીએ સૌને બોલાવ્યા હતાં. કારણ કે __________________

(અ) તેમણે ઢોકળાં બનાવ્યા હતાં (બ) પ્રકાશનો જન્મદિવસ હતો (ક) સૂર્યકૂકર બધાંને બતાવવું હતું

(૨) ઢોકળાં સરસ બન્યાં હતાં. કારણ કે તે ઢોકળાં __________________

(અ) સૂર્યકૂકરમાં બનાવ્યા હતાં (બ) સ્વાદિષ્ટ હતાં (ક) માસીએ બનાવ્યાં હતાં

(૩) સૂર્યકૂકર ગૅસ પર ન મૂકવું પડે. કારણ કે __________________

(અ) તેને બળતણની જરૂર ન પડે (બ) તે વીજળીથી ચાલે (ક) તે સૂર્યની ગરમીથી ચાલે

(૪) સૂર્યકૂકરના ઉપયોગથી ધુમાડો ન થાય. કારણ કે __________________

(અ) તે વીજળીથી ચાલે (બ) તેમાં બળતણનો ઉપયોગ ન થાય

(ક) તેમાં ખોરાક જલ્દી રંધાઈ જાય

સ. ૯. **નીચેના વાક્યોને પાઠના ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) અરૂણે બધાંને સૂર્યકૂકર વાપરવા કહેવાનું જણાવ્યું. (૩) બધાંએ સાથે મળી ઊર્જાનું ગીત ગાયું.

(૨) દિનકરમામા બધાને સવિતામાસીના ઘરે લઈ ગયા. (૪) સવિતામાસીએ ચા-ઢોકળાંનો નાસ્તો આપ્યો.

સ. ૧૦. **સંબંધ લખો :**

(૧) દિનકરમામા અને સવિતામાસી - (૨) સવિતામાસી અને કિરણ -

(૩) કિરણ અને પ્રકાશ - (૪) પ્રકાશ અને સવિતામાસી - (૫) અરૂણ અને કિરણ -

સ. ૧૧. **પાઠના આધારે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(૧) અરૂણ અને કિરણ ____________ગોઠવતાં હતાં. (૨) ઢોકળાં ______માં બનાવેલાં હતાં.

(૩) સૂર્યકૂકર વાપરવાથી ______ સંપત્તિની બચત થાય. (૪) સૂર્યકૂકરને _________પણ કહેવાય છે.

સ. ૧૨. **સૂર્ય ઊર્જા વિશે તમારા શબ્દોમાં લખો.**

સ. ૧૩. **વાક્યોમાંથી વિશેષણ શોધો :**

(૧) અરૂણ હોંશિયાર વિદ્યાર્થી છે. (૨) જમ્યા પછી થોડો આરામ કરવો જોઈએ.

(૩) રાવણને દસ માથા હોવાથી તે દશાનન કહેવાતો. (૪) તમને કેવું ગુલાબ ગમે ?

સ. ૧૪. **યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) સવિતામાસીને ત્યાં શા માટે (૨) વાહ તો તો આ સૂર્યકૂકર કેવું સારું

(૩) માસી આમાં ભજિયાં પૂરી વગેરે તળી શકાય (૪) આને સોલર કૂકર પણ કહેવાય

**સંભાષણ** ★ આપણા દેશમાં બધાં જ સૌર ઊર્જાનો ઉપયોગ કરે તો ? વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ અહીં સૌર ઊર્જાની પ્રાથમિક માહિતી આપી છે પરંતુ વર્તમાન સંદર્ભે ઈન્ટરનેટ પરથી લેટેસ્ટ માહિતી મેળવો અને સૌર ઊર્જાથી ચાલતા વિવિધ ઉપકરણોના ચિત્રો મેળવીને સૌર ઊર્જાના ઉપયોગ માટે સમાજમાં જાગૃતિ આવે તેવા દષ્ટિકોણથી સુંદર બેનર અથવા પૉસ્ટર બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### આગ : ઉપાય

આગ બુઝાવવા માટે પાણી અને રેતીનો, શુષ્ક પાઉડર ને ફીણનો છંટકાવ કે કાર્બન ડાયૉક્સાઇડ જેવા ગૅસનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે વિવિધ પ્રકારના નાનાં-ઊંચકી શકાય તેવાં અગ્નિશામકો પણ વપરાય છે. બાલદીઓ ભરીને પાણી કે રેતી છાંટીને આગ હોલવવાનો ઉપાય સહેલામાં સહેલો છે. જ્યારે વધારે પ્રબળ આગ લાગી હોય ત્યારે હૅન્ડ પંપ વડે પાણીની ધાર છોડવામાં આવે છે. વળી અગ્નિશામક યંત્ર (ફાયર-એન્જિન)ની મદદથી ઊંચે સુધી ને લાંબે સુધી પાણીની ધારાઓ છોડીને આગ બુઝાવાય છે. ઊંચાં મકાનો પર પાણીનો મારો ચલાવવા તથા આગમાં ફસાઈ ગયેલી વ્યક્તિઓને બચાવવા માટે ઊંચી નિસરણીઓનો ઉપયોગ ફાયરબ્રિગેડના તાલીમ પામેલા માણસો કરે છે. આગ બુઝાવવાનું કાર્ય જોખમી છે. તે કામગીરી જાનના જોખમે ફાયરબ્રિગેડના જવાનો બજાવતા હોય છે.

આગ લાગે ત્યારે અમુક તકેદારી લેવી જરૂરી છે. સૌપ્રથમ તો અગ્નિશામક દળને બોલાવવું જરૂરી થાય છે. ત્યારબાદ ઘરમાં આગ લાગી હોય તો બહાર ખુલ્લામાં જતાં રહેવું જોઈએ. બહાર જતાં જે જે બારણાં આવે તેને બંધ કરવાં જોઈએ. આગ લાગે ત્યારે લિફ્ટનો ઉપયોગ ન કરવો જોઈએ. સીડી દ્વારા ઘરની બહાર નીકળી જવું જોઈએ. જો કપડાંને આગ લાગી ગઈ હોય તો જમીન પર આળોટીને તે બુઝાવી દેવી જોઈએ.

– અંજના ભગવતી

## સંધિ - (૨)

વિજાતીય સ્વર સંધિ – મહત્ત્વની સ્વરસંધિ નીચે મુજબ છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) અ + આ = આ | | | | | | કે | આ + અ = આ | | | | | |
| | (૧) | વિવેક | + | આનંદ | = વિવેકાનંદ | | (૧) | વિદ્યા | + | અભ્યાસ | = | વિદ્યાભ્યાસ |
| | (૨) | શિવ | + | આલય | = શિવાલય | | (૨) | ભિક્ષા | + | અર્થે | = | ભિક્ષાર્થે |
| (૨) અ + ઇ = એ | | | | | | કે | અ + ઈ = એ | | | | | |
| | (૧) | હર | + | ઇન્દ્ર | = હરેન્દ્ર | | (૧) | રસ | + | ઈશ | = | રસેશ |
| | (૨) | નર | + | ઇન્દ્ર | = નરેન્દ્ર | | (૨) | દિન | + | ઈશ | = | દિનેશ |
| (૩) આ + ઇ = એ | | | | | | કે | આ + ઈ = એ | | | | | |
| | (૧) | મહા | + | ઇચ્છા | = મહેચ્છા | | (૧) | રમા | + | ઈશ | = | રમેશ |
| | (૨) | મહા | + | ઇન્દ્ર | = મહેન્દ્ર | | (૨) | મહા | + | ઈશ | = | મહેશ |
| (૪) અ + ઉ = ઓ | | | | | | કે | અ + ઊ = ઓ | | | | | |
| | (૧) | સૂર્ય | + | ઉદય | = સૂર્યોદય | | (૧) | ભાગ્ય | + | ઊર્મિ | = | ભાગ્યોર્મિ |
| | (૨) | પર | + | ઉપકાર | = પરોપકાર | | (૨) | આનંદ | + | ઊર્મિ | = | આનંદોર્મિ |
| (૫) આ + ઉ = ઓ | | | | | | કે | આ + ઊ = ઓ | | | | | |
| | (૧) | મહા | + | ઉત્સવ | = મહોત્સવ | | (૧) | ગંગા | + | ઊર્મિ | = | ગંગોર્મિ |
| | (૨) | મહા | + | ઉદય | = મહોદય | | (૨) | બ્રહ્મા | + | ઊર્મિ | = | બ્રહ્મોર્મિ |
| (૬) અ + એ = ઐ | | | | | | કે | આ + એ = ઐ | | | | | |
| | (૧) | પુત્ર | + | એષણા | = પુત્રૈષણા | | (૧) | સદા | + | એવ | = | સદૈવ |
| | (૨) | એક | + | એકતા | = ઐકતા | | (૨) | તથા | + | એવ | = | તથૈવ |
| (૭) અ + ઓ = ઔ | | | | | | કે | આ + ઓ = ઔ | | | | | |
| | (૧) | જલ | + | ઓઘ | = જલૌઘ | | (૧) | મહા | + | ઓઘ | = | મહૌઘ |
| | (૨) | અધર | + | ઓષ્ઠ | = અધરૌષ્ઠ | | (૨) | મહા | + | ઓજસ્વી | = | મહૌજસ્વી |

8UACIN

રાષ્ટ્રીય સંપત્તિની જાળવણી પણ દેશસેવા છે.

# ૯. સુભાષિતો

**સૂર કૃતિનો**

સંસ્કૃત સાહિત્યના કાવ્ય, નાટક, પુરાણ વગેરેમાં નિર્દેશિત અર્થસભર શ્રેષ્ઠ વાક્યો જે પદબદ્ધ હોય તેને સુભાષિત કહેવાય. તે નીતિપૂર્ણ હોય છે. જીવનના વિવિધ ક્ષેત્રની સમજદારી આપતા સુભાષિતો ખરેખર અમૂલ્ય છે. કારણ કે તે આપણને અર્થસભર જીવન જીવવાની પ્રેરણા આપે છે.

સુભાષિતો આપણને જ્ઞાન આપે છે, આપણું ચારિત્ર્ય ઘડે છે અને સંસ્કારોનું સિંચન કરે છે. તો અહીં આપણે કેટલાંક સુભાષિતો શીખીશું.

☞ જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે,
ઘસીને જાતને સંતો, અન્યને સુખિયાં કરે.

☞ બળની વાતો બહુ કરે, કરે બુદ્ધિના ખેલ;
આપદ્‌કાળે જાણીએ, તલમાં કેટલું તેલ.

☞ બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના, કરતા કોટિ ઉપાય.

☞ મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, નહિ સાંધો નહિ રેણ.

☞ વાપરતાં આ વિશ્વમાં, સહુ ધન ખૂટી જાય;
વિદ્યા વાપરતા વધે, એ અચરજ કહેવાય.

☞ પીંપળ પાન ખરંતા, હસતી કુંપળિયા.
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

**અધ્યાપન સંકેત**

અહીં દરેક સુભાષિતના અધ્યાપન માટે શક્ય હોય ત્યાં વાર્તા કહેવાનો આગ્રહ રાખવો. શક્ય ન હોય ત્યાં ઉદાહરણો આપવા. શ્રેષ્ઠ જીવન જીવવા માટે અહીં આપેલા સુભાષિતોના મર્મ સમજીને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપવી. દરેક સુભાષિતો ગેય છે તેથી સમૂહમાં ગવડાવી તે કંઠસ્થ કરાવવાનો આગ્રહ રાખવો. જેથી તે પોતાના મૌલિક લેખનમાં યોગ્ય હોય ત્યાં લખીને લેખનને આકર્ષક બનાવી શકે તેવી સમજ આપવી. થોડામાં ઘણુંબધું કહી દેવાની ક્ષમતા સુભાષિતો ધરાવે છે માટે તેનું સ્પષ્ટીકરણ દૃષ્ટાંત સાથે કરવું. દરેકના વિચાર વિસ્તાર કેવી રીતે થાય તેનું યોગ્ય માર્ગદર્શન આપવું.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે સુભાષિતોમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) અગરબત્તી (૨) સુગંધિત (૩) મતિ (૪) પ્રાયશ્ચિત

(૫) કરોડ (૬) અશ્વ (૭) નવાઈ (૮) પાંદડાં

**સ. ૨. ઉલટા અર્થ દર્શાવતા શબ્દોને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) સુખિયા | (અ) વધે |
| (૨) સદ્‌બુદ્ધિ | (બ) રડતી |
| (૩) વેણ | (ક) દુ:ખિયા |
| (૪) ખૂટે | (ડ) કુબુદ્ધિ |
| (૫) હસતી | (ઈ) કવેણ |

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) થયેલી ભૂલ માટે પાછળથી થતો ખેદ – (૨) નવું ફૂટતું પાંદડું –

(૩) મુશ્કેલીનો સમય – (૪) ધાતુને સાંધો કરવાનું ઝારણ –

**સ. ૪. સુભાષિતોમાં આવેલા ત્રણ-ત્રણ શબ્દો લખો :**

(૧) 'ઓ'કારાન્ત શબ્દો (૨) 'ઈ'કારાન્ત શબ્દો (૩) અનુસ્વારવાળા શબ્દો (૪) જોડાક્ષરો

**સ. ૫. નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) બુદ્ધિ (૨) પસ્તાવો (૩) અચરજ (૪) સુવાસિત

(૫) મોતી (૬) પીપળો (૭) વિદ્યા (૮) સંતો

**સ. ૬. ઓળખો :**

(૧) વીંધતી વખતે ભાંગી જાય તે – (૨) વાપરતા વધે તે – (૩) જેમાં તેલ હોય તે – (૪) જેમાં સુગંધ હોય તે –

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય પૂર્ણ કરો :**

(૧) અગરબત્તી પોતે બળીને બીજાને સુગંધ આપે તેમ સંતો જાત ઘસીને _________________

(અ) પોતાને સુખી કરે (બ) બીજાને સુખી કરે (ક) ઈશ્વરને રાજી કરે

(૨) મોતી, મન અને ઘોડા દ્વારા કવિ કહે છે કે _________________

(અ) ઈલાજ કરવાથી તે સાંધી શકાય, ફરી કામ આવે (બ) સાંધી શકાતા નથી અને કોઈ કામના રહેતા નથી

(ક) તેને સાંધી શકાતા નથી. પણ કામમાં લઈ શકાય છે

(૩) પીંપળ પાન અને હસતી કૂંપળિયાની તુલના _________________

(અ) વૃદ્ધ માનવી અને થનગનતા યુવાનો સાથે કરી છે (બ) મુરઝાયેલા પાંદડાં અને નવા પાંદડાં સાથે કરી છે

(ક) વૃદ્ધ માનવી અને નવજાત શિશુ સાથે કરી છે

સ. ૮. અધૂરા વાક્યો પૂરા કરો :

(૧) વિદ્યા વાપરવાથી ________________  (૨) અગરબત્તી બધું ________________

(૩) વિચારીને બોલવાથી ________________  (૪) ધનને વાપરવાથી ________________

સ. ૯. યોગ્ય રીતે જોડો :

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
| --- | --- |
| (૧) મુજ વીતી તુ જ વીતશે | (અ) તલમાં કેટલું તેલ |
| (૨) બોલેલું ખેંચાય ના | (બ) ધીરી બાપુડિયા |
| (૩) આપદ્કાળે જાણીએ | (ક) અન્યને સુખિયાં કરે |
| (૪) ઘસીને જાતને સંતો | (ડ) કરતા કોટિ ઉપાય |

સ. ૧૦. **'વાપરતાં આ વિશ્વમાં......અચરજ કહેવાય' સુભાષિતને તમારા શબ્દોમાં સમજાવો.**

સ. ૧૧. જાતિ બદલો :

(૧) બા  (૨) માસી  (૩) શિક્ષિકા  (૪) શેઠ  (૫) પતિ  (૬) લેખક

સ. ૧૨. વચન બદલો :

(૧) ઘોડો  (૨) ખેલ  (૩) તહેવાર  (૪) પ્રાણી  (૫) આંગળી  (૬) પાંદડું

**સંભાષણ** ★ અહીં આપેલા સિવાયના અન્ય સુભાષિતો મેળવીને વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ તમને ગમતો કોઈપણ એક સુભાષિત ફુલસ્કેપ પેપરમાં લખીને નીચે તેનો વિચાર-વિસ્તાર કરીને વર્ગશિક્ષકને બતાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### નિરંતર આશાવાદ

૧. ગમે તેવી દુ:ખદ પળો પણ વીતી જ જશે એવી શ્રદ્ધા રાખજો.

૨. વિશ્વમાં છેવટે પ્રેમનો જ વિજય થાય છે એ ભૂલશો નહીં.

૩. સાહસ, શ્રદ્ધા અને શ્રમને માટે અશક્ય કાંઈ જ નથી.

૪. ભગવાનનું બળ સર્વમહાન છે.

૫. સ્વાવલંબન મહાન શક્તિ છે.

૬. પ્રેમ-સ્મિત-પ્રાર્થનાનો ત્રિવેણી સંગમ આપણને તારી દેશે.

૭. 'ચિરંતન વિકાસ' એ આપણો મંત્ર હો.

– ડૉ. પ્રકાશ ગજ્જર

8UJ8KB

વિદ્યા વિનાનો મનુષ્ય પશુ સમાન છે.

# ૧૦. એક જ લક્ષ્ય

– સંકલિત

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં દર્શાવેલો પ્રસંગ મહાભારતમાંથી લીધેલો છે. અર્જુનના પાત્ર દ્વારા સૂચવવામાં આવ્યું છે કે સફળતા મેળવવાનો પાયો એકાગ્રતા છે.

પાંડવો અને કૌરવો દ્રોણાચાર્ય ગુરુ પાસે અભ્યાસ કરતાં હતાં. એક વખત ગુરુ નિશાન તાકવાની પરીક્ષા લેવાનો નિર્ણય કરી બધાંને મેદાનમાં બોલાવે છે. કોઈનામાં એકાગ્રતા ન હોવાને કારણે અર્જુન એકલો જ નિશાન તાકવામાં સફળ બને છે. નિશાન તાકતી વખતે નજર પોતાના લક્ષ્ય ઉપર જ હોવી જોઈએ, લક્ષ્ય સિવાય આજુબાજુનું કંઈ જ ન દેખાય ત્યારે જ સફળ થવાય તેવું ગુરુ બધાને સમજાવે છે.

દ્રુપદ રાજાના દરબારમાંથી અપમાન પામીને દ્રોણ ફરતા ફરતા હસ્તિનાપુર પાસે આવી ચઢ્યા. નગરની પાસેના ઉપવનમાં રાજકુમારો રમતા હતા. રમતાં રમતાં રાજકુમારોનો દડો કૂવામાં પડી ગયો હતો. એ જાણી દ્રોણે પોતાની અસ્ત્રવિદ્યાથી તે દડો બહાર કાઢી આપ્યો. કુમારોએ આ વાત ભીષ્મ પિતામહને તથા મહારાજ ધૃતરાષ્ટ્રને જણાવી. એટલે તે બંનેએ વિચાર કરીને દ્રોણને રાજકુમારોના ગુરુ નીમ્યા.

પછી પાંડવો તથા કૌરવો દ્રોણગુરુની પાસે રહી અભ્યાસ કરવા લાગ્યા. કેટલોક સમય વીત્યા પછી કુમારોની પરીક્ષાનો વખત આવ્યો. કુમારોને દ્રોણગુરુ પાસેથી કેવી કેવી વિદ્યાઓ મળી છે તે હસ્તિનાપુરની સમગ્ર પ્રજા જાણે ને જુએ એવી ભીષ્મની ઇચ્છા હતી, તેથી એક ભવ્ય મંડપ ઊભો કરી બધાં નગરજનો સમક્ષ કુમારોની પરીક્ષા કરવાની ગોઠવણ કરવામાં આવી.

પરીક્ષાને દિવસે રાજકુમારો સજ્જ થઈને પોતપોતાનાં ધનુષ્યબાણ લઈ મંડપમાં આવ્યા. બહાર મેદાનમાં દૂર એક ઝાડ ઉપર ધોળા રંગનું એક બનાવટી પક્ષી ગોઠવ્યું હતું. તેની બે આંખો લાલ રત્નોની બનાવી હતી. અસંખ્ય નગરજનો પરીક્ષા જોવા મંડપમાં ભેગાં મળ્યાં હતાં.

કુમારો તૈયાર થયા. તેમનાં ધનુષ્યો તૈયાર થયાં. તેમનાં તીરો તૈયાર થયાં. તેમના હાથ તૈયાર થયા, તેમની આંખો તૈયાર થઈ.

દ્રોણાચાર્યે કુમારોને કહ્યું, ‘કુમારો, જુઓ, પેલા દૂરના ઝાડ પર પક્ષી ગોઠવ્યું છે તેની જમણી આંખ તમારે વીંધવાની છે.’

‘આચાર્ય બોલ્યા, ‘કુમાર યુધિષ્ઠિર, પહેલો તમારો વારો. જુઓ, આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ છે, પેલું રહ્યું ઝાડ અને તેના પર પક્ષી છે. તમે એ સર્વને જુઓ છો ?’

યુધિષ્ઠિર ઊભા થયા, ધનુષ્યબાણ હાથમાં લીધાં અને પક્ષીની સામે નજર કરતા બોલ્યા, ‘ગુરુ મહારાજ, હું તમને જોઉં છું, ભૂરા આકાશને જોઉં છું, દૂરના ઝાડને જોઉં છું અને પક્ષીને પણ જોઉં છું.’

યુધિષ્ઠિરના આ જવાબથી દ્રોણ દુઃખ પામી બોલ્યા, ‘તમે બેસી જાઓ !’



પછી દુર્યોધનનો વારો આવ્યો, 'દુર્યોધનકુમાર, આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ છે, પેલું ઝાડ છે અને તેના પર પક્ષી છે. તમે એ સર્વને જુઓ છો ?'

દુર્યોધને હાથમાં ધનુષ્યબાણ લેતાં જવાબ આપ્યો, 'ગુરુદેવ, હું આ બધા ભાઈઓને દેખું છું, તમને દેખું છું, ભૂરા આકાશને દેખું છું, ઝાડને દેખું છું અને તેના પર મૂકેલા પક્ષીના ધોળા શરીરને પણ દેખું છું.'

દ્રોણે પગ પછાડી કહ્યું, 'બેસી જાઓ !' પછી ભીમસેન ઊભો થયો અને આચાર્યના પ્રશ્નના જવાબમાં બોલ્યો, 'ગુરુજી, હું તમને સૌને દેખું છું, આકાશને દેખું છું, આકાશમાં મોટાંમોટાં વાદળાં દોડે છે તે પણ દેખું છું, ઝાડ દેખું છું, ઝાડના કોતરમાં પેલો બિલાડો ફરે છે તેને દેખું છું અને ઝાડ ઉપર તમે કંઈક ધોળું ગોઠવ્યું છે તે પણ દેખું છું.'

દ્રોણ કંઈ બોલ્યા નહિ. તેમણે ભીમને બેસાડી દીધો. ગુરુએ ઘણા કુમારોને એક પછી એક ઊભા કર્યા, પણ કોઈના ઉત્તરથી તેમને સંતોષ ન થયો.

છેવટે તે અર્જુન તરફ વળ્યા, 'બેટા, અર્જુન ! હવે તારો વારો છે. ઊઠ તૈયાર થા. જો, આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ છે, દૂર પેલું ઝાડ છે અને તેના પર પક્ષી છે. તું એ સર્વને જુએ છે ?'

દ્રોણ હજી વાક્ય પૂરું કરે છે ત્યાં અર્જુન બોલી ઊઠયો, 'ગુરુદેવ, હું તમને દેખતો નથી, આકાશને દેખતો નથી, ઝાડને દેખતો નથી, માત્ર એક પક્ષીને દેખું છું, બાણ છોડવાની આજ્ઞા આપો.'

'બેટા અર્જુન ! દ્રોણ બોલ્યા, 'અમને કોઈ ને દેખતો નથી ! એકલા પક્ષીને જ દેખે છે ?'

અર્જુને તરત જ જવાબ વાળ્યો, 'મહારાજ ! હવે તો આખા પક્ષીને પણ દેખતો નથી, માત્ર તેનું માથું દેખું છું.' અને દ્રોણ કંઈ બોલવા જાય ત્યાં તો તે ફરી બોલી ઊઠયો, 'મહારાજ, હવે તો પક્ષીનું માથું પણ દેખતો નથી, માત્ર બે રાતા રાતા તારા ઝગમગે છે તેને જ દેખું છું.'

'બેટા, એમાંના જમણાને જ વીંધ.'

દ્રોણના આ શબ્દોની સાથે અર્જુનનું બાણ સરરર કરતું છૂટયું અને પક્ષીની જમણી આંખ વીંધાઈ ગઈ.

'શાબાશ, બેટા, શાબાશ. તું મારો સાચો શિષ્ય છે. તારા પર હું આજે બહુ પ્રસન્ન થયો છું. બેટા, આ અસ્ત્રવિદ્યામાં મારો કોઈ શિષ્ય તારાથી ચડિયાતો નહિ થાય એવું મારું વરદાન છે.'

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં આપણા પુરાણ ગ્રંથ મહાભારત વિશેની પૂર્વભૂમિકા વિદ્યાર્થીઓ પાસે રજૂ કરવી. પાંડવો અને કૌરવોનો પ્રાથમિક પરિચય આપવો. તેમના ગુરુ દ્રોણચાર્યની પણ ઓળખ કરાવવી. રાજકુમારોને અપાતી જુદી જુદી વિદ્યાઓની તાલીમ બાબત સ્પષ્ટીકરણ આપવું, બીજા ભાઈઓની તુલનામાં અર્જુનમાં રહેલા વિશેષ ગુણ બાબત પ્રશ્નો પૂછવા. તેના જવાબને આધારે વિદ્યાર્થીઓને એકાગ્રતા કેળવવા પ્રોત્સાહન આપવું. લઘુપ્રશ્નોની સહાયથી વિષયવસ્તુનું સમગ્ર દૃષ્ટિએ અધ્યાપન કરાવવું.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) બગીચો (૨) નકલી (૩) તૈયાર (૪) આભ

(૫) સફેદ (૬) મસ્તક (૭) જનતા (૮) તમામ

**સ. ૨. શબ્દની અંતાક્ષરી પૂર્ણ કરો :**

(૧) ઉપવન → ____________ → ____________ → ____________ → ____________

(૨) કુમાર → ____________ → ____________ → ____________ → ____________

(૩) મહારાજ → ____________ → ____________ → ____________ → ____________

(૪) આકાશ → ____________ → ____________ → ____________ → ____________

**સ. ૩. 'રાજકુમાર' શબ્દના અક્ષરમાંથી અર્થપૂર્ણ શબ્દો બનાવો.**

**સ. ૪. નીચેના શબ્દ ચોરસમાંથી પાઠમાં આવતા પાત્રો શોધી તેની ફરતે ગોળ કરો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | દુ | ર્યો | ધ | ન | ભી |
| પિ | ર્જુ | દ્રો | ણ | મ | યુ |
| તા | કૌ | ન | સે | ધિ | પાં |
| મ | ર | ન | ષ્ઠિ | ડ | દ્રુ |
| હ | વો | ર | વો | પ | ખ |
| પાં | ષ્ઠિ | ણ | દ | લ | ટ |

**સ. ૫. નીચેના શબ્દોના ઉલટા અર્થવાળો શબ્દ લખો :**

(૧) અપમાન (૨) સંતોષ (૩) દૂર (૪) બનાવટી (૫) જમણી (૬) ઈચ્છા

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) પાંડવો અને કૌરવો ________________

(અ) સાંદિપની ઋષિ પાસે અભ્યાસ કરતા હતા (બ) ગુરુ દ્રોણ પાસે અભ્યાસ કરતા હતા

(ક) રામકૃષ્ણ પરમહંસ પાસે અભ્યાસ કરતા હતા

(૨) દૂર ઝાડ પરના બનાવટી પક્ષીની ________________

(અ) ડાબી આંખ વીંધવાની છે (બ) જમણી આંખ વીંધવાની છે (ક) બંને આંખ વીંધવાની છે

(૩) દ્રોણે પોતાની ________________ થી દડો કાઢી આપ્યો.

(અ) અસ્ત્રવિદ્યાથી (બ) શસ્ત્રવિદ્યાથી (ક) બાણવિદ્યાથી

(૪) બાણવિદ્યાની પરીક્ષામાં અર્જુન સફળ થયો. કારણ કે ________________

(અ) અર્જુન કુશળ હતો (બ) અર્જુનમાં એકાગ્રતા હતી (ક) અર્જુન ગુરુનો પ્રિય હતો

**સ. ૭. યોગ્ય રીતે જોડો :**

| **વિભાગ 'અ'** | **વિભાગ 'બ'** |
|---|---|
| (૧) દ્રોણ | (અ) રાજા |
| (૨) પાંડવો-કૌરવો | (બ) પિતામહ |
| (૩) ભીષ્મ | (ક) મહારાજ |
| (૪) ધૃતરાષ્ટ્ર | (ડ) ગુરુ |
| (૫) દ્રુપદ | (ઇ) રાજકુમારો |

**સ. ૮. નીચેના વાક્યોને ઘટનાના ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) અર્જુને ગુરુ પાસે બાણ છોડવાની આજ્ઞા માંગી.

(૨) દ્રોણ હસ્તિનાપુર આવી પહોંચ્યા.

(૩) ગુરુ દ્રોણે રાજકુમારોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

(૪) ગુરુએ નિશાન તાકવા દુર્યોધનને બોલાવ્યો.

(૫) દ્રોણ રાજકુમારોના ગુરુ તરીકે નિમાયા.

**સ. ૯. ઓળખો :**

(૧) કૌરવોના પિતા -

(૨) દ્રુપદ રાજાના દરબારમાં અપમાનિત થનાર -

(૩) બનાવટી પક્ષીની ફક્ત જમણી આંખ જોનાર -

(૪) પાંડવો અને કૌરવોના પિતામહ -

**સ. ૧૦. પાંચ પાંડવોના નામ લખી અર્જુન વિશે ૫ થી ૭ વાક્યો તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧. યોગ્ય વિશેષણ લખો :**

(૧) ______ મંડપ (૨) ______ નગરજનો (૩) ______ સમય

(૪) ______ પક્ષી (૫) ______ તારા (૬) ______ આકાશ

સ. ૧૨. રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી વચન બદલો :

(૧) ભાથામાં અનેક તીરો હતાં. તેમાંથી એક ______ ખાસ હતું.

(૨) જીવનમાં એક પરીક્ષા હોતી નથી, ઘણી ______ હોય છે.

(૩) સૌથી પહેલાં શુક્રનો તારો ઊગે પછી બીજા ______ ઊગે છે.

(૪) પક્ષીની એક આંખ વીંધવાની હતી. બન્ને ______ નહિ.

સ. ૧૩. રેખાંકિત શબ્દની જાતિ બદલી વાક્ય ફરી લખો :

(૧) રાજકુમાર શસ્ત્રવિદ્યા શીખ્યા .......... પણ શસ્ત્ર વિદ્યા......

(૨) નર પંખી માળો બાંધવા પીંછું લાવ્યો તો ...... પંખી પોચું રૂ........

(૩) ઘણા વિદ્યાર્થીઓ એન્જિનિયર બન્યા તો ઘણી .........ડૉક્ટર .............

(૪) આ શાળાના આચાર્ય સજ્જન છે તો પેલી શાળાના પણ ........ છે.

**સંભાષણ** ★ સાંદિપની ઋષિ અને કૃષ્ણ-સુદામા વિશે વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ ગુરુ શિષ્યોની જાણીતી જોડીઓના નામ લખીને એક ભીંતપત્રક બનાવો.

**હું વાંચું ......... તમે પણ વાંચો.**

## પારિતોષિકોનું મૂલ્ય

પુરસ્કારો-પારિતોષિકો જે-તે વ્યક્તિના કાર્ય તરફ લોકોનું ધ્યાન ખેંચવાનું કાર્ય કરે છે. પણ આવી ઘટના કેવળ કામચલાઉ હોય છે અને અંતે તો માણસ એના કાર્યથી જ ઊભો રહેતો હોય છે. (વળી) સમાજની બધી પ્રતિભાઓને કંઈ પોંખી શકાતી નથી. ઘણી પ્રતિભાઓ અને ઘણાં સત્કાર્યો પોંખાયાં વિનાનાં રહી જતાં હોય છે. ઘણાંની જાણ પણ થતી નથી. ઘણાં સુંદર કાર્યો પોંખાવાની અપેક્ષા વિના થયાં જ કરતાં હોય છે.


બીજી પણ વાત છે. ઇનામ-અકરામની વ્યવસ્થામાં આકસ્મિકતા ટાળી શકાતી નથી. અંગત રુચિનો ને કેટલીક વાર અંગત સંબંધનો પ્રભાવ ટાળી શકાતો નથી. વળી માણસમાં ઇનામ-અકરામ માટેની લાલસા પણ હોય છે. આ સ્થિતિ કેટલીક વાર ખટપટોને પણ અવકાશ આપે છે. ઇનામ-અકરામો કેટલીક વાર અયોગ્ય સ્થાને અપાતાં પ્રતીત થાય છે. પારિતોષિકો-પુરસ્કારો કેટલીક વાર ખોટાં મૂલ્યો ઊભાં કરતાં લાગે છે.

– જયંત કોઠારી

8UT4LY

ઝાડ વિના પાન નહિ, ગુરુ વિના જ્ઞાન નહિ.

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો અને સમજો.



## અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (જુદી રીતે સક્ષમ વિદ્યાર્થીઓ સહિત) વ્યક્તિગત અથવા સામૂહિક સ્વરૂપે નીચેની બાબતો માટે પ્રોત્સાહિત કરવા.**<br>• પોતાની ભાષામાં બોલવાની તેમજ ચર્ચા તથા વિશ્લેષણ કરવાની તક આપવી.<br>• જૂથમાં કાર્ય કરતી વખતે એકબીજાના કામો વિશે ચર્ચા કરવી, મત લેવો-આપવો, પ્રશ્ન પૂછવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• ગુજરાતીની સાથે પોતાની ભાષાનું સાહિત્ય વાંચવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• પોતાના પરિવાર અને સમાજ સાથે સંબંધિત વિવિધ સાહિત્યનું વાંચન અને તેના વિશે ચર્ચા કરવાની તક આપવી.<br>• પોતાની ભાષા વાંચતી વખતે લખવાના સંદર્ભમાં કૃતિઓ આયોજિત કરવી. જેમકે શબ્દ રમત, કવિતા, ગીત, પત્ર વગેરે<br>• સક્રિય અને જાગૃત બનાવવા માટે તૈયાર કરવામાં આવતું સાહિત્ય જેમકે- વર્તમાનપત્ર, પત્રિકા, ચલચિત્ર, દૃશ્યશ્રાવ્ય સાહિત્ય વગેરે) જોવાની, સાંભળવાની, વાંચવાની, લખવાની તક આપવી.<br>• કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ કરનારી ક્રિયા જેમકે-અભિનય, મૂક અભિનય, કવિતા, પાઠ, સર્જનાત્મક લેખ, વિવિધ પરિસ્થિતિઓમાં સંવાદ વગેરેનું આયોજન કરવું અને તેની તૈયારી સંબંધિત લેખિત સાહિત્ય પૂરું પાડવું. | **વિદ્યાર્થીઓ**<br>• વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારિત થતી ચર્ચા, સંવાદ બાબત પોતાનો અભિપ્રાય આપી શકે છે.<br>• સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજપૂર્વક સાંભળે છે.<br>• ઔપચારિક અને અનૌપચારિક સંવાદ, સંભાષણ સાંભળીને તેમાં ભાગ લે છે.<br>• વિવિધ પ્રસંગે, વિવિધ ઉદ્દેશ માટે લખતી વખતે શબ્દ, વાક્ય, રૂઢિપ્રયોગ, કહેવતોનો યોગ્ય ઉપયોગ કરે છે.<br>• કવિતા, ગીત વગેરે યોગ્ય આરોહ, અવરોહ સહિત ગાય છે, તેની ઓડિયો સીડી સાંભળે છે.<br>• પાઠ્યપુસ્તક અને પુસ્તકેત્તર અન્ય સાહિત્યને સમજીને તેનું પ્રકટ વાંચન કરે છે.<br>• વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને પ્રકટ વાંચન કરે છે.<br>• સંદર્ભ માટે શબ્દકોશનો ઉપયોગ કરે છે.<br>• આપેલા વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે.<br>• શબ્દ સમૂહ, રૂઢિપ્રયોગ, કહેવતોનો લેખન અને ભાષણ સંભાષણમાં અસરકારક રીતે ઉપયોગ કરે છે.<br>• વિવિધ સામાજિક સમસ્યાઓ વિશે પોતાના વિચારો સ્પષ્ટપણે રજૂ કરે છે.<br>• લખતી વખતે શુદ્ધ લેખનના નિયમોનું પાલન કરે છે.<br>• સાંભળેલી, અનુભવેલી માહિતી પોતાના શબ્દોમાં લખે છે.<br>• ગુજરાતી ભાષાનું વિવિધ પ્રકારનું સાહિત્ય (વર્તમાનપત્રો, માસિકો, વાર્તા, ઈન્ટરનેટ પર પ્રસિધ્ધ થતું સાહિત્ય) સમજીને વાંચે છે.<br>• વાંચેલા સાહિત્યનું ચિંતન કરીને આકલન માટે પ્રશ્ન પૂછે છે.<br>• પોતાના શબ્દોમાં ચિત્ર વર્ણન કરે છે.<br>• વ્યાકરણના ઘટકોની માહિતી મેળવે છે અને તેનો યોગ્ય ઉપયોગ કરે છે. દા.ત. સંધિ, જાતિ, વચન, નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, કાળ, વિરામચિહ્નો, જોડણીના નિયમો. |




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

गुजराती साहित्यभारती इयत्ता ८वी (संयुक्त)

₹ 30.00